દેવ સંસ્કૃતિનો બીજમંત્ર

# ગાયત્રી મહામંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

તે પ્રાણ સ્વરૂપ, દુઃખનાશક, સુખ સ્વરૂપ, તેજસ્વી,પાપનાશક, દેવસ્વરૂપ પરમાત્માને અમે અંતઃકરણમાં ધારણ કરીએ, તે પરમાત્મા અમારી બુદ્ધિને સન્માર્ગે પ્રેરિત કરે.

— શ્રીરામ શર્મા આચાર્ય

# દેવસંસ્કૃતિનો બીજમંત્ર
# ગાયત્રી મહામંત્ર

:પ્રવચન:

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

ગાયત્રી જ્ઞાનપીઠ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ ૨૦૧૧ કિંમત રૂા.૭.૦૦

: પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩

: પ્રવચન :
પં. શ્રીરામ શર્મા આચાર્ય

: મુદ્રક :
યુગ નિર્માણ યોજના પ્રેસ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.

# દેવસંસ્કૃતિનો બીજમંત્ર- ગાયત્રી મહામંત્ર

ગાયત્રી મંત્ર મારી સાથે સાથે -

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય**
**ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥**

દેવીઓ ! ભાઈઓ !

આપણે સૌ સવારમાં ગાયત્રી મંત્ર બોલીએ છીએ ત્યારે સૌપ્રથમ વિનિયોગ બોલીએ છીએ, ત્યાર પછી ગાયત્રી મંત્રના જપ કરીએ છીએ. દરેક વેદમંત્રનો એક વિનિયોગ હોય છે. વિનિયોગ કોને કહે છે ? વિનિયોગ સંકલ્પને કહે છે. સંકલ્પમાં શું હોય છે ? તેનું વર્ણન હોય છે. ગાયત્રી મંત્ર વિશે હાથમાં જળ લઈને કહેવામાં આવે છે- **"ગાયત્રી છંદઃ સવિતા દેવતા વિશ્વામિત્ર ઋષિઃ જપે વિનિયોગઃ ।"** ગાયત્રીના ઋષિ વિશ્વામિત્ર છે. ગાયત્રીના પારંગત, નિષ્ણાત કે જેમણે પી.એચ.ડી. કરી મહાનિબંધ લખ્યો, જેમણે આ બધી શોધખોળો કરી તે સંશોધન કરનારનું નામ વિશ્વામિત્ર છે. તેમને આપણે યાદ કરીએ છીએ. ગાયત્રી મંત્રને પણ યાદ કરીએ છીએ અને તેના શોધકને પણ યાદ કરીએ છીએ. વિશ્વામિત્રએ ગાયત્રીની શોધ પાછળ આખી જિંદગી ખર્ચી નાખી. એક બીજી શોધ કરનાર વ્યક્તિનું નામ મારા દિમાગમાં આવી રહ્યું છે. કોણ છે એ શોધ કરનાર ? તે શોધ કરનારનું નામ હમણાં હમણાં મારા ધ્યાનમાં આવ્યું છે. તે છે - હિલેરી. હિલેરી કોણ હતો ? હિલેરીના મનમાં વિચાર આવ્યો કે ભારતનું સૌથી મોટું અને ઊંચું પર્વતશિખર કે જેના વિશે લોકો વાતો તો કરે છે, પણ ખરેખર કેવું છે તે જોવું જોઈએ. તે શેરપા તેનસિંગ નોરકેને લઈને એવરેસ્ટ શિખર પર પહોંચી ગયો અને ત્યાં ઝંડો લહેરાવી દીધો. આખી દુનિયામાંથી જ્યાં કોઈ જઈ શક્યું નહોતું તેની ઉપર હિલેરી જઈ પહોંચ્યો. બેટા, તેના મગજમાં એક બીજો વિચાર પણ આવ્યો હતો કે સૌ પાણીના

વહેણની દિશા તરફ ચાલે છે, પરંતુ હું વહેણને ચીરીને ઊલટી દિશામાં નાવ ચલાવીશ. લોકોએ કહ્યું કે સામી દિશામાં ગંગાનો પ્રવાહ ખૂબ વેગીલો લાગશે અને ખૂબ જ મુશ્કેલી પડશે. તેણે કહ્યું કે ના, હું તો આ નાવ દ્વારા ઊલટી દિશામાં જ ચાલીશ. ગંગાસાગર-કલકત્તાથી તે પોતાની નાવ લઈને નીકળ્યો. તેનો ઈરાદો નાવ દ્વારા ઊલટી દિશામાં ચાલીને ગંગોત્રી સુધી જવાનો હતો, પરંતુ ગંગોત્રી-ગૌમુખ સુધી તો તે ન જઈ શક્યો, થોડુંક અંતર બાકી રહી ગયું. નાવ ખરાબ થઈ જવાથી તેણે પોતાનો આ ઈરાદો છોડી દીધો અને કહ્યું કે બીજીવાર યાત્રા શરૂ કરીશ અને જ્યાંથી અધૂરી રહી છે ત્યાંથી ફરી શરૂઆત કરીશ. તેની પાસે એવી નાવ હતી, જેમાં ખૂબ જ શક્તિશાળી મોટર લગાવેલી હતી. આવી નાવ લઈને જ હિલેરી નીકળ્યો હતો. તેણે એ જાણકારી મેળવી કે ગંગાની ધારામાં ઊલટી દિશામાં ચાલવાથી કેવી મજા આવે છે ! એ જ રીતે મેં પણ મારી આખી જિંદગી ઊલટી દિશામાં ચાલવામાં જ ખર્ચી નાખી. વિશ્વામિત્રની જેમ ગાયત્રીનું સામર્થ્ય જાણવા માટે અને હિલેરીની જેમ સંશોધન કરવામાં વિતાવી દીધી.

મિત્રો ! સંશોધન કરવાનો અર્થ છે - પ્રયોગ અને પરીક્ષણ, જે શક્તિ દ્વારા, શરીર દ્વારા કરવામાં આવે છે. આ વિજ્ઞાનનો ભાગ છે. અને જ્ઞાનનો ભાગ ? જ્ઞાનનો ભાગ એ છે કે જે વિશ્વામિત્રે કર્યો હતો. સંશોધન અને અનુદાન- એ બંને માટે મેં મારી સિત્તેર વર્ષની જિંદગી પૂરી કરી. તેનો જે સાર છે, જે નિષ્કર્ષ છે તે તમને સૌને જણાવીને જવાની મારી ઈચ્છા છે. કેમ ? હું એટલા માટે ચાલ્યો જઈશ કે તમારામાંથી કોઈએ ગાયત્રી મંત્રનું વાસ્તવમાં સંશોધન કરવું હોય, વાસ્તવમાં કોઈને તેનો ચમત્કાર જોવાની ઈચ્છા થઈ જાય તો ઓછામાં ઓછી એટલી ખબર તો પડે કે ગુરુજીએ શું કર્યું હતું અને શું નહિ ? બેટા, મેં જે સંશોધનો કર્યાં છે તે માટે મેં ભારતીય ઋષિઓનો સંપર્ક કર્યો, તેમની પાસેથી માહિતી મેળવી અને મેં

તેમને પૂછ્યું કે "હે ઋષિઓ ! તમે સૌએ તપ કર્યું છે, તો મને જણાવો કે તમે શું અનુભવો મેળવ્યા છે?" મેં શાસ્ત્રોને પૂછ્યું, " સાહેબ ! તમને તો ઋષિઓએ લખ્યાં છે, જો તમે ગાયત્રી મંત્રની જ વ્યાખ્યા હો તો મને એ જણાવો કે તેમાં તેના વિશે શું લખ્યું છે ?" મેં ચારેય વેદોને પૂછ્યું - "ભાઈસાહેબ ! તમે તો ગાયત્રી મંત્રના દીકરાઓ છો, તમને તો બધી હકીકતની સારી રીતે ખબર હશે. તમે કહો કે ગાયત્રી મંત્ર વિશે જે મહત્તા અને વિવેચન જણાવવામાં આવ્યું છે તે કેટલે અંશે સાચું છે ?" મેં જે વેદોનું વ્યાખ્યાન કર્યું છે, પુરાણોનાં જે પુસ્તકો છાપ્યાં છે તે વાસ્તવમાં ગાયત્રી મંત્રનું જ વિવેચન છે. ગાયત્રીને જાણવા માટે જે કંઈ વાંચ્યું તે બધું ભેગું થતાં થતાં, સંશોધન કરતાં કરતાં એટલું બધું થઈ ગયું કે તેને લખી શકવું મુશ્કેલ છે. વેદો વાંચતાં વાંચતાં ગાયત્રી મંત્ર વિશે એટલું બધું જાણ્યું કે વેદ તેના ચાર દીકરા છે. ગાયત્રીને વેદમાતા કહેવામાં આવે છે. વેદમાતાના આ ચાર દીકરા છે. તેઓ ગાયત્રી મંત્ર વિશે શું કહે છે એ જાણવા માટે મેં વેદોને ધ્યાનથી વાંચ્યા. વેદોના જ્ઞાન માટે નહિ, ગાયત્રી મંત્ર માટે જ તે વાંચ્યા. તેમાંથી મને જે કંઈ પણ મળ્યું તેનો હું હિન્દીમાં અનુવાદ કરતો ગયો. પછી જ્યારે બધો જ અનુવાદ ભેગો થયો ત્યારે મારામાં લોભ પેદા થયો એટલે છપાવી દીધા. પુરાણો મેં ફક્ત એટલા માટે વાંચ્યાં કે જેથી તેમાં ગાયત્રી મંત્ર વિશે શું લખ્યું છે એ ખબર પડે. ઉદ્દેશ્ય ફક્ત એટલો જ હતો કે તેમાં ગાયત્રી મંત્ર વિશે જે લખવામાં આવ્યું છે તેની હું જાણકારી મેળવું. જાણકારી મેળવતાં મેળવતાં હું અનુવાદ પણ કરવા લાગ્યો અને જ્યારે અનુવાદ તૈયાર થઈ ગયો ત્યારે મેં કહ્યું કે આને પણ પ્રકાશિત કરવો જોઈએ, જેથી બીજા લોકો પણ તેનો લાભ લઈ શકે. મેં જે પણ અધ્યયન કર્યું છે તેના માટે ઋષિઓ પાસે ગયો છું, જાણકારો પાસે ગયો છું, જેઓ આ વિદ્યામાં પારંગત છે, સિદ્ધ છે તેમને મળ્યો છું. તેમનાં પુસ્તકો પણ વાંચ્યાં છે. આ મારું

સંશોધન છે. મારી પાસે આ સંશોધનનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાર છે.

બેટા, મારા શરીરને એક પ્રયોગશાળા જેવું બનાવીને આખી જિંદગી હું તેમાં પરીક્ષણો કરતો રહ્યો છું. આ પ્રયોગો મેં મારા શરીરની પ્રયોગશાળામાં એટલા માટે કર્યા કે હું જોઉં તો ખરો કે તેની પ્રતિક્રિયા કેવી થાય છે ? દવાઓનો ઉપયોગ જ્યારે પહેલીવાર કરવામાં આવે છે ત્યારે દેડકાં પર કે સસલાં પર કરવામાં આવે છે, પરંતુ હું કોને કહું કે તમારા શરીર પર પ્રયોગ કરવો છે ? કોણ તૈયાર થાય ? કોણ તકલીફ ઉઠાવે ? કોઈ તૈયાર ન થાત. તેથી મેં મારા શરીરને જ તૈયાર કરી લીધું, મનને જ રાજી કરી લીધું કે ભાઈસાહેબ ! તમે બંને મને મદદ કરો, હું તમારી ઉપર પ્રયોગ કરીશ. ગાયત્રી મંત્ર વિશે જે કંઈ જાણ્યું છે તેનો પ્રયોગ તો કરી જોઉં કે છેવટે તેનું કોઈ પરિણામ મળે છે કે નહિ ? કોઈ ફળ મળે છે કે નહિ ? મારું મન તૈયાર થઈ ગયું, મારું શરીર તૈયાર થઈ ગયું. મેં મારી આ જ બે વસ્તુઓ ઉપર, આ જ બે સસલાં ઉપર જાતજાતની દવાઓનો પ્રયોગ કર્યો અને એ જોયું કે તેનું શું પરિણામ હોઈ શકે ? તેમાંથી આપણે શું જોઈએ છે અને તેનું પરિણામ શું આવે છે? આ જ છે મારી ટૂંકી કથા. લોકો મને પૂછે છે કે તમે શું કરો છો તે જણાવો. મેં પંદર વર્ષની ઉંમરથી નિયમિત ઉપાસના શરૂ કરી અને ચાલીસ વર્ષ સુધી તે ચાલી. ચોવીસ વર્ષ સુધી મેં કઠોર ઉપાસના કરી. રોજના છ કલાક પલાંઠી વાળીને જપ કરતો રહ્યો. છ કલાકની ઉપાસના ઉપરાંત જવની રોટલી અને છાશ લેતો રહ્યો. બેટા, મેં ચોવીસ વર્ષ સુધી મીઠું ખાધું નથી, ખાંડ ખાધી નથી, દાળને મેં સ્પર્શ કર્યો નથી, બીજી કોઈ વસ્તુ મેં ચાખી નથી. બસ, બે જ વસ્તુઓ હતી, રોટલી અને છાશ. ચોવીસ વર્ષ સુધી હું પ્રયોગ કરતો રહ્યો. લોકોએ મને પૂછ્યું કે તમે શું કરો છો એ અમને જણાવો. મેં કહ્યું કે હું જુગાર રમું છું. શાનો જુગાર રમો છો, તે અમને પણ

કહો. ના, તમને ન કહી શકાય ! જો આ બધી બાબતો ખોટી સાબિત થાય તો તેની સજા મને મળવી જોઈએ અને મારી જિંદગી નકામી ગણાવી જોઈએ અને જો તે ફાયદાકારક નીવડશે તો તમને જણાવીશ. હું તમારી સાથે રમત ન રમી શકું. મંત્રોની અને ઉપાસનાની જે શક્તિ બતાવવામાં આવી છે તે સાચી પણ હોઈ શકે અને ખોટી પણ હોઈ શકે. કદાચ માની લો કે સાચી નહિ ને ખોટી સાબિત થાય તો ? તો તો મારી જિંદગી નકામી જ જાય ને ? આથી હું તમનેં નુકસાન ન કરી શકું. જ્યાં સુધી હું જાણી ન લઉં કે આ ઉપયોગી વસ્તુ છે ત્યાં સુધી તમને જાણાવીશ નહિ. તમનેં નુકસાન શું કામ કરું ? શું મારે કંઈ મહાન બનવું છે ? મારે કોઈ કમિશન મેળવવું છે ? મારે કોઈ એજન્ટ બનવું છે કે તેની ખુશામત કરું ? હું બરાબર ખાતરી કરી લઈશ પછી જ જણાવીશ. જ્યાં સુધી ખાતરી નહિ થાય ત્યાં સુધી કંઈ પણ જણાવીશ નહિ.

મિત્રો ! આવી રીતે ચાલીસ વર્ષનો થયો અને મારાં ચાલીસ પરીક્ષણો પૂરાં થઈ ગયાં ત્યારે મેં બોલવાનું, લોકોને જણાવવાનું અને સમજાવવાનું શરૂ કર્યું કે શું કરવું જોઈએ ? કેવી રીતે થઈ શકે ? બસ, આ જ મારા સંશોધનનો સાર છે, નિષ્કર્ષ છે. એકવાર ગાયત્રી મંત્રની શરૂઆત થઈ ત્યારથી આ સંશોધન શરૂ થયું. કોણે શરૂ કરાવ્યું ? અગાઉ જણાવ્યું તેમ તે માલવિયાજીએ શરૂ કરાવ્યું હતું. તેમણે શું કહ્યું હતું ? બેટા, તેમણે મને કર્મકાંડ જણાવ્યું. કર્મકાંડ પછી મારી બીજી એક દીક્ષા થઈ. હું જ્યારે પંદર વર્ષની ઉંમરનો થયો ત્યારે મારી પાસે એક બીજા હિમાલયવાસી ગુરુ આવ્યા. તેમણે મને ગાયત્રી મંત્રનું રહસ્ય સમજાવ્યું અને બીજી કેટલીક બાબતો જણાવી. તે બાબતો શું હતી ? જે માલવિયાજીએ જણાવી હતી તેના કરતાં આ વાતો જુદી હતી. જુદી હતી ? હા બેટા, સાવ જુદી હતી. તેમણે જુદી વાતો જણાવી હતી. માલવિયાજીએ મને કલેવર

જણાવ્યું હતું અને મારા બીજા ગુરુએ મને તેનો પ્રાણ જણાવ્યો. એકે કલેવર અને બીજાએ પ્રાણ. સાહેબ ! આ કલેવર અને પ્રાણનો વળી શું ગોટાળો છે ? બેટા, કલેવર અને પ્રાણનું એક ચક્કર છે. કેવું ચક્કર છે ? કલેવરનું ચક્કર એવું છે કે જ્યારે બાળક માતાના પેટમાં આવે છે ત્યારે પહેલાં માત્ર કલેવર આવે છે, ચૂપચાપ પડી રહે છે, કંઈ જ હલનચલન કરતું નથી, પરંતુ જ્યારે તેની અંદર પ્રાણ પેદા થાય છે ત્યારે તે પોતાની કરામત બતાવે છે, હાથ હલાવે છે, પગ હલાવે છે, માથું હલાવે છે, પડખું ફેરવે છે, ત્યારે ખબર પડે છે કે પેટમાં કંઈક છે, કશીક ગરબડ છે. આવું કેમ થાય છે ? એટલા માટે કે જ્યારે પ્રાણ આવી જાય છે ત્યારે હલનચલન પેદા થાય છે. મરઘીના ઈંડાની અંદર જ્યારે કલેવર આવે છે ત્યારે ચૂપચાપ બેસી રહે છે અને કોઈ હલનચલન કરતું નથી, પરંતુ જ્યારે પ્રાણ આવે છે ત્યારે હલનચલન શરૂ કરે છે. તમે મરઘીનું કે બીજું કોઈ પણ ઈંડુ જુઓ. જ્યારે તે પાકવાનું થાય છે ત્યારે તેની અંદર કંપન પેદા થઈ જાય છે. ઈંડુ ધ્રૂજવા લાગે છે. કંપ્યા પછી શું થાય છે ? બેટા, કંપ્યા પછી એક દિવસ એવો આવે છે કે તેમાં ગરમી વધી જાય છે. ઈંડાનું ઉષ્ણતામાન તમે જોતા રહેશો તો તમને ખબર પડશે કે એક દિવસ તેની ગરમી ખૂબ વધી જાય છે. ગરમી વધ્યા પછી શું થાય છે ? પછી એક દિવસ એવો આવશે કે તેની ઉપર આપોઆપ કાળા રંગની એક લીટી ખેંચાશે. લીટી પડ્યા પછી તેમાં તિરાડ પડવાની શરૂ થશે અને ત્યાંથી તે ફાટવા લાગશે. પરિણામે અંદરનું બચ્ચું બહાર આવશે. આ શું મગજમારી છે ? બેટા, જ્યારે પ્રાણ અંદર આવી જાય છે ત્યારે તે એવું કહે છે કે મારે સારી પરિસ્થિતિ જોઈએ, ઉત્તમ પરિસ્થિતિ જોઈએ. સારી પરિસ્થિતિના બહાને તે બચ્ચું અંદરથી કોચલું તોડીને બહાર નીકળી જાય છે. પેટમાં બેઠેલું બાળક કહે છે કે મમ્મી, હવે આ જગ્યા મને નાની પડે છે, હવે મારે વધારે જગ્યા જોઈએ છે. જે જગ્યાએ હું

નવ મહિનાથી રહેતો આવ્યો છું ત્યાં હવે વધારે સમય સુધી રહી શકું તેમ નથી. હવે મારે વધારે સારી જગ્યા જોઈએ છે. મમ્મી કહે છે, “ના બેટા, હજુ તારે વધારે સમય અહીં રહેવું જોઈએ. બહાર નીકળવાની જગ્યા નથી.” ના, હું રસ્તો કાઢી લઈશ, તારે મને જગ્યા આપવી જ પડશે. એમ કહીને બાળક ધક્કો મારીને બહાર નીકળી આવે છે, મરઘીનું બચ્ચું કોચલું તોડીને બહાર આવી જાય છે.

આ શું છે ? બેટા, આ પ્રાણ છે. ગાયત્રી મંત્રનો પહેલો ભાગ કલેવર છે. જેને આપણે પરબીડિયું કહીએ છીએ. પરબીડિયાની પહેલાં જરૂર પડે છે. કલમની, કાગળની પહેલાં જરૂર પડે છે. ના સાહેબ, પહેલાં તો ફિલોસોફીની જરૂર પડશે, ફિજિક્સની જરૂર પડશે. ના બેટા, પહેલાં ન તો ફિજિક્સની જરૂર પડશે કે ન તો ફિલોસોફીની. શાની જરૂર પડશે ? પાટીની. પાટી શું હોય છે ? લાકડાનું એક મોટું પાટિયું હોય છે. કલમ લઈને શાહીના ખડિયામાં બોળીને તેનાથી લખવામાં આવે છે. ના સાહેબ, પહેલાં ફિલોસોફી ભણાવો. ના, હું ફિલોસોફી નહિ ભણાવું ! પહેલાં હું તમને પાટી ઉપર અક્ષરજ્ઞાન શીખવીશ, ગણતરી શીખવીશ. ના, તમે મને ગણિત શીખવો, બીજગણિત શીખવો, નહિતર હું ભણીશ નહિ. પહેલાં તમે પાટી લો, અક્ષરજ્ઞાન મેળવો, ગણતરી શીખો. જ્યારે તમને આટલું આવડી જશે, પછી આગળની વાત શીખવીશ. હંમેશાં પહેલાં કલેવર જણાવવામાં આવે છે. બાળકના જન્મતાં પહેલાં જ તેની માતા તમામ વ્યવસ્થા કરી લે છે. આ શું બનાવો છો ? આ તો બાળક માટે બનાવ્યું છે. બાળક ક્યાં છે ? અરે ! થોડાક દિવસ પછી આવવાનું છે. ચડ્ડી બનાવી લે છે, સૂવા માટે ઘોડિયું બનાવી લે છે, તેને સુવડાવવા માટે ગોદડી બનાવી લે છે. આ બધું પહેલાં જ તૈયાર કરી લે છે. બેટા, આ કલેવર છે. વરરાજા જ્યારે આવે છે ત્યારે પહેલાં પૂર્વતૈયારી કરવામાં

આવે છે કે વરરાજા અહીં બાજઠ પર બેસશે, અહીં પાટ પર બેસશે, અહીં બેસશે, ત્યાં બેસશે. અહીં હાથ જોડશે, અહીં પ્રણામ કરશે, એમ બધી તૈયારી અગાઉથી કરી લેવામાં આવે છે, પછી વરરાજા આવે છે. એજ રીતે પહેલાં કલેવર બને છે, પછી ગાયત્રીનો પ્રાણ આવે છે. તમને મેં અત્યારે કલેવર વિશે જણાવ્યું છે, તેનું તમે સૌ ધ્યાન રાખજો.

કલેવર કોને કહે છે ? બેટા, કલેવર કહે છે કર્મકાંડને. કર્મકાંડ શું હોય છે ? કર્મકાંડ કહે છે-માળા જપવાને, કર્મકાંડ કહે છે-પ્રાણાયામને, કર્મકાંડ કહે છે- મંત્રના ઉચ્ચારણને, કર્મકાંડ કહે છે-માળા ફેરવવાને. આ શરીરથી જે ક્રિયાઓ થાય છે તે બધાં જ કર્મકાંડ છે. તેમાં શરીરથી થતી તમામ ક્રિયાઓ- જેમાં જીભથી ઉચ્ચારણ કરવામાં આવેલા શબ્દો પણ સામેલ છે, હાથમાં ફેરવવામાં આવતી માળા પણ સામેલ છે, તેમાં વસ્તુઓની હેરાફેરી પણ સામેલ છે. વસ્તુઓની હેરાફેરીનો અર્થ છે - કંકુથી તિલક કરવું, ગાયત્રી માતાની મૂર્તિ મૂકવી, કળશ સ્થાપિત કરી દેવો, ફૂલ ચડાવી દેવાં, ચોખા ચડાવી દેવા, આ બધું કર્મકાંડ છે. વાસ્તવમાં કર્મકાંડ પાછળ કંઈક વિશેષ બાબતો છુપાયેલી છે. કઈ બાબતો છુપાયેલી છે ? કઈ વાસ્તવિકતા છુપાયેલી છે ? બેટા, ક્રિયાઓની પાછળ ભાવના છુપાયેલી રહે છે. ક્રિયાની સાથેસાથે ભાવનાનો સમન્વય હોય તો ચમત્કાર થાય છે. કેવી રીતે ? બેટા, ક્રિયા એ આપણું શરીર છે. આ શરીર એક કલેવર છે. તેની અંદર એક પ્રાણ રહેલો છે. પ્રાણ કેવી રીતે રહેલો હોય છે ? બેટા, આ પ્રાણ એવો છે કે જેવી હવા હોય છે, પ્રકાશ હોય છે, ચમક હોય છે. તેની અંદર પ્રાણ પણ એવી જ રીતે રહેલો હોય છે. પ્રાણ અને કલેવર બંને ભેગાં થવાથી જ આપણે જીવીએ છીએ. આપણે એટલા માટે જ જીવતા છીએ કે તેમાં પ્રાણ પણ કામ કરે છે અને શરીર પણ કામ કરે છે. બંનેનો સમન્વય કરવાથી જ કામ ચાલે છે.

કર્મકાંડની કોઈ જરૂર ખરી ? હા, તેમાં કોઈ શક નથી, પરંતુ તમે માત્ર કર્મકાંડ લઈને ચાલી રહ્યા હશો તો તમને નિરાશા મળશે. જો તમે માત્ર કર્મકાંડ પર જ વિશ્વાસ રાખશો કે આવા કર્મકાંડથી અમને ખૂબ જ ફાયદો થશે, તો તે સાવ અશક્ય છે. આપણું શરીર ખૂબ જ સારું અને ઉપયોગી છે. આપણું શરીર જ બોલે છે. કોણ બોલે છે ? બેટા, આપણી જીભ અને દાંત બંને ભેગાં થઈને બોલે છે. લેખ કોણ લખે છે ? કલેવર લેખ લખે છે. હું જ્યારે હાથમાં કલમ પકડીને બેસી જાઉં છું ત્યારે લેખ લખી નાખું છું. તે વખતે મારી આ કલમ કામ કરે છે. મારી બધી જ ક્રિયાઓ બરાબર કામ કરે છે, પરંતુ તમે એ બધું ભૂલી જાઓ અને માત્ર મારા શરીરનું જ મહત્ત્વ માની લો અને ગુરુજીના પ્રાણ પણ કંઈક કામ કરે છે એ વાત ભૂલી જાઓ તો તમે ભૂલ કરી રહ્યા છો. પ્રાણની પણ જરૂર છે. જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી જ આપણું શરીર કામ કરશે. જો પ્રાણ નીકળી જશે તો પછી બેટા, એ એક લાશ જ બની જશે.

કર્મકાંડ શું છે ? કર્મકાંડ લાશ જ છે. શું તમે કર્મકાંડની નિંદા કરો છો ? બેટા, હું તો કર્મકાંડની ખૂબ જ નિંદા કરું છું અને તેની મજાક ઉડાવું છું. તમે કર્મકાંડની મજાક કેમ ઉડાવો છો ? એટલા માટે કે લોકો જ્યારે માત્ર કર્મકાંડને જ સર્વસ્વ માની લે છે ત્યારે મારે મજાક કરવી પડે છે. જો લોકો એટલું સમજી લે કે કર્મકાંડની સાથેસાથે વિચારણાના સમન્વયની પણ જરૂર છે તો તે મને ખૂબ ગમશે. ત્યારે હું તેનું મહત્ત્વ માનીશ, તેના પ્રત્યે શ્રદ્ધા અર્પણ કરીશ. ઉપાસનાની સાથે શ્રદ્ધાનો સમન્વય હોવો, વિચારોનો સમન્વય હોવો, માન્યતાઓનો સમન્વય હોવો, ભાવનાઓનો સમન્વય હોવો ખૂબ જરૂરી છે. માત્ર કર્મકાંડ પૂરતું નથી, માત્ર કર્મકાંડથી કોઈ ચમત્કાર થવાનો નથી. માત્ર ચોવીસ હજાર જપ કરવાથી કોઈ ચમત્કાર થવાનો નથી. માત્ર સવા લાખ જપનો કોઈ ચમત્કાર

નથી. બેટા, જો કોઈ ચમત્કાર હોય તો તે ઉપાસનાનો છે. હું એવી ઉપાસનાનો પ્રશંસક છું, જે મારા બીજા ગુરુએ મને જણાવી. પંદર વર્ષની ઉંમરે મારા બીજા ગુરુ આવ્યા ત્યારે જે ક્રિયા મને માલવિયાજીએ જણાવી હતી તેની અંદર તેમણે પ્રાણ પૂરી દીધા. પ્રાણ પૂરાવાથી પ્રાણ ચાલવા લાગ્યો. શરીરની અંદર જ્યારે પ્રાણ પૂરાઈ જાય છે ત્યારે તે ચાલવા લાગે છે. જો શરીરમાંથી પ્રાણ નીકળી જાય તો ખૂબ જ મુશ્કેલી ઊભી થઈ જાય છે. આપણો પ્રાણ પણ નકામો થઈ જશે અને આપણું શરીર પણ નકામું થઈ જશે. કર્મકાંડ તો નકામું થઈ જશે, પરંતુ જે તેનો પ્રાણ છે તે પણ નકામો થઈ જશે. ક્રિયાકૃત્ય વગર તમે તમારા શરીર પાસેથી કોઈ કામ લઈ શકતા નથી. પ્રાણ વગર તે માત્ર એક લાશ છે. તેને સળગાવી દો કે દફનાવી દો, નદીમાં વહાવી દો કે કૂતરાંને ખવડાવી દો, નહિતર તે પડ્યું પડ્યું સડી જશે, કારણ કે તેમાં પ્રાણ નથી. જેમાં પ્રાણ નથી એવાં કર્મકાંડ પણ સડવા લાગશે, લોકોમાં ભ્રાન્તિ પેદા કરશે, અજ્ઞાન પેદા કરશે, અંધવિશ્વાસ પેદા કરશે. સાથેસાથે કર્મકાંડને બિનજરૂરી માનવાનું શરૂ કરી દઈએ અને એવું કહેવાનું શરૂ કરી દઈએ કે કર્મકાંડની કોઈ જ જરૂર નથી, અમારા માટે તો અનુષ્ઠાન જ પૂરતું છે, આસ્થાઓ જ પૂરતી છે, માન્યતાઓ જ પૂરતી છે, ત્યારે પણ મુશ્કેલી ઊભી થશે.

ઉપાસના-સાધનામાં આ બંનેની જરૂર પડે છે. હું ઉદાહરણ દ્વારા સમજાવું છું. જો હું ભૂત બની જાઉં તો હું નકામો બની જઈશ. જો મારું શરીર અદૃશ્ય થઈ જાય તો હું શું કરી શકું, બોલો ? તો પછી બેટા, હું ભૂત બની જઈશ. પછી ગુરુજી, શું કરશો ? પછી બેટા, અહીં કોઈ ઝાડ પર બેસી જઈશ. ગુરુજી પ્રવચન આપો ! બેટા, હું પ્રવચન ન આપી શકું, કારણ કે મારી પાસે જીભ નથી. તમારું જ્ઞાન તો એમને એમ જ છે, તો પછી પ્રવચન કેમ આપતા નથી ? બેટા, હું ન આપી શકું, કારણ કે મારે જીભ જ નથી. તો પછી તમે

એક લેખ લખી દો ! બેટા, હું લેખ પણ લખી શકું તેમ નથી, કારણ કે મારે હાથ નથી. જ્ઞાન તો છે ? હા, જ્ઞાન તો છે મારી પાસે, પરંતુ હું લખી શકું તેમ નથી, કારણ કે મારી પાસે હાથ નથી. આથી એવું ભૂત નકામું છે, કારણ કે તેની પાસે શરીર નથી અને એવું શરીર પણ નકામું છે જેની પાસે પ્રાણ નથી. એવું કર્મકાંડ પણ નકામું છે, જેની પાછળ ભાવનાઓનો સમન્વય ન હોય અને એવી ભાવનાઓ પણ નકામી છે, જેમને ચરિતાર્થ કરવા માટે કર્મકાંડ નથી. કર્મકાંડો અને ભાવનાઓનો સમન્વય જરૂરી છે. એવી જ રીતે મારી ઉપાસના બે ભાગમાં સંપન્ન થઈ છે. એક ભાગમાં મારા ગુરુજીએ, માલવિયાજીએ મને કર્મકાંડ સમજાવ્યું, જે મેં તમને શીખવ્યું છે. બાળકો માટે આટલું પૂરતું છે. બાળકોને આનાથી વધારે બીજું કંઈ જણાવી શકાય નહિ, માત્ર કક્કો જ શીખવી શકાય - ક, ખ, ગ, ઘ... (એ બી સી ડી ) વગેરે. બોલો સાહેબ, આનો સ્પેલિંગ બોલો, તેનો અર્થ જણાવો, તેનો ઉચ્ચાર જણાવો. ચૂપ રહે ! ના, આ એસ અને યુ મળીને સુપરિન્ટેન્ડેન્ટ થાય છે. અરે ચૂપ રહે ! પહેલાં એબીસીડીના છવ્વીસ અક્ષર મોઢે કરી નાખ, તેને છવ્વીસ વખત ગોખી નાખ ! ના સાહેબ, તેનો પ્રયોગ કેવી રીતે થાય તે જણાવો. તેનું વ્યાકરણ જણાવો. તેનું ઉચ્ચારણ કેવી રીતે થાય છે તે સમજાવો. અરે ચૂપ રહે ! મગજ ના ખાઈશ ! છવ્વીસ અક્ષર ગોખી નાખ ! ના કંઈક આગળની વાત શીખવો. હા, શીખવી દઈશ, પહેલાં આંક મોઢે કરી નાખ ! એક, બે, ત્રણ, ચાર... પછી એકાના ઘડિયા મોઢે કર, પાંચ એકા પાંચ, પાંચ દુ દસ, પાંચ ત્રણ પંદર ! આ શું કરો છો સાહેબ, અમને તો પેલું શીખવો. શું શીખવું ? અંકગણિત ભણાવો, બીજગણિત ભણાવો, ભૂમિતિ ભણાવો. ચૂપ રહે ! ચૂપચાપ બેસીને રાહ જો, આંક મોઢે કર ! ના મને તો પહેલાં બીજગણિત ભણાવો. ના, હું નહી ભણાવી શકું. પહેલાં તમને આંક શીખવીશ. એવી જ રીતે હું તમને પહેલાં કર્મકાંડ શીખવીશ. મારા પહેલા

ગુરુએ મને કર્મકાંડ શીખવ્યું હતું, જે મેં તમને શીખવી દીધું. હવે હું તમને તેનો પ્રાણ શીખવીશ. કયો પ્રાણ ? જે મારા બીજા ગુરુએ મને શીખવ્યો હતો.

બીજા ગુરુએ મને એ શીખવ્યું હતું કે ત્રિપદા- ત્રણ પગવાળી ગાયત્રીનાં ત્રણ માહાત્મ્ય અને ત્રણ મહત્ત્વ કયાં છે. બેટા, તેની અંદર ત્રણ ભાવનાઓ કામ કરે છે, ત્રણ પ્રેરણાઓ કામ કરે છે અને ત્રણ વિચારણાઓ કામ કરે છે. આથી તેનું નામ 'ત્રિપદા' છે. ત્રિપદાનાં ત્રણ ચરણ હું તમને જણાવી ચૂક્યો છું. જપ, ધ્યાન અને તપ. આ ત્રણ કૃત્યો તમને ખબર છે. જપ કરવાની વિધિ શું હોય છે ? સ્થાપના કરવાની વિધિ શું હોય છે ? વસ્ત્રોનો ઉપયોગ કેવી રીતે થાય છે ? જીભનો ઉપયોગ, મનનો ઉપયોગ, વસ્ત્રોનો ઉપયોગ એ બધું કર્મકાંડમાં આવે છે. તે ખૂબ જ સહેલું છે, બિલકુલ સામાન્ય બાબત છે. તેને બાળકો પણ શીખી શકે છે, પરંતુ તમારે એ જાણવું જોઈએ કે તેની અંદરની એ મૂળ વસ્તુ નહિ થાય, તો પછી આપણાં કર્મકાંડ અધૂરાં રહી જશે. જેમ કે હું તમને એક પથ્થર લાવીને આપું, તમને છીણીહથોડો લાવીને આપું અને એમ કહું કે તમે આમાંથી એક મૂર્તિ બનાવી દો, તો શું તમે મૂર્તિ બનાવી શકશો ? મૂર્તિ બનાવવા માટે છીણીની જરૂર હોય છે, હથોડાની જરૂર હોય છે, પથ્થરની જરૂર હોય છે એ હું માનું છું. જેટલા પણ મૂર્તિકારો છે તે બધા આ ત્રણથી જ મૂર્તિ બનાવે છે, પરંતુ એક બીજી મહત્ત્વની બાબત જરૂરી હોય છે અને એ છે મૂર્તિ બનાવવાની કળા. જો આ કળા તમને આવડતી નહિ હોય અને માત્ર છીણીહથોડો ચલાવશો તો હાથપગ પર વગાડી બેસશો કે માથું ફોડી નાખશો. તમને કળા પણ આવડવી જોઈએ. હું તમને ફાઉન્ટેન પેન આપું અને સારો કાગળ અને શાહી પણ લાવી આપું અને કહું કે એક લેખ લખી આપો. લેખ લખવા માટે કાગળ, પેન અને શાહી એ ત્રણેની જરૂર પડે છે. જેટલા પણ લોકો લખે છે એ બધા આ ત્રણે

વગર લખી શકતા નથી, પરંતુ એક બાબત એ પણ જરૂરી છે કે તમારી પાસે અધ્યયન અને જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન અને અધ્યયન નહિ હોય તો બેટા, તમારાં કાગળ-પેન પડ્યાં રહેશે. વાંકાચૂકા અક્ષરો ચીતરશો, પણ કંઈ લખી નહિ શકો, કારણ કે તમે ભણેલા નથી. તમને તલવાર લાવીને આપવામાં આવે અને કહું કે જાઓ, યુદ્ધના મેદાનમાં જઈને લડો. શું તમે લડી શકશો? ના, નહિ લડી શકો. તલવાર પણ એ જ છે, ઢાલ પણ એ જ છે, યોદ્ધાઓ એનાથી જ લડતા હતા, એમાં કોઈ શંકા નથી. હું માનું છું બેટા, હું તમારી વાતનો સ્વીકારું છું કે જેટલા પણ યોદ્ધાઓ યુદ્ધ લડવા ગયા હતા તે બધા ઢાલ-તલવાર લઈને જ ગયા હતા, પરંતુ તમે લડી શકશો નહિ. કેમ? કારણ કે તમને તલવાર ચલાવતાં આવડતી નથી. તમે તલવાર ચલાવશો તો એવી આડીઅવળી ચલાવશો કે છેવટે પોતાને જ ઘાયલ કરી બેસશો.

મેં સાંભળ્યું છે કે તલવારથી માથું કપાય છે. તલવારથી માથું કપાતું નથી બેટા, હાથની તાકાતથી માથું કપાય છે. હાથની તાકાતથી પણ માથું કપાતું નથી, દિલની હિંમતથી માથું કપાય છે. માણસમાં હિંમત ન હોય તો તલવાર ચાલી શકતી નથી. હાથ જો નિર્બળ હોય તો તલવાર ચાલી શકતી નથી. ના સાહેબ, તલવારથી માથું કપાય છે! હા બેટા, હું માનું છું તારી વાત, હું ક્યાં ના પાડું છું કે તલવારથી માથું ન કપાય? પણ તલવારથી માથું કાપવા માટે હાથની તાકાત અને દિલની હિંમત બંનેની જરૂર છે. ના સાહેબ, તલવારથી કામ ચાલી જશે. તલવારથી માથું કપાતાં અમે જોયું છે. તમારી વાત હું માનું છું કે તલવારથી જ માથું કપાયું હતું, પરંતુ તમને તેમાં હિંમત જોવા ન મળી? ના સાહેબ, હિંમત તો ના જોવા મળી. બેટા, હું તમને સમજાવું છું કે તલવાર ચલાવનારની અંદર હિંમત પણ હોય છે અને તેના કાંડામાં તાકાત પણ હોય છે. આ બંને ચીજો ના હોય તો તલવારનો કોઈ ફાયદો નહિ થઈ શકે. આ તમે શું કહો

છો ? હા બેટા, હું એમ કહી રહ્યો છું કે મેં તમને જે કર્મકાંડ શીખવ્યું છે, જેને તમે પહાડ જેવું સમજો છો, આકાશ જેવું માનો છો, કોણ જાણે કેવું કેવું માનો છો. હું ઈચ્છું છું કે તમારી આ માન્યતાનો તાવ ઊતરે અને તમે એવું માનો કે કર્મકાંડની શક્તિ સીમિત છે, કર્મકાંડોનો લાભ અધૂરો છે. ક્યાં સુધી ? જ્યાં સુધી તેની પાછળ વિચારો ન આવે, ભાવ ન આવે, એટલે કે તેમાં પ્રાણ જોડાયેલો ન હોય.

પ્રાણ શું હોઈ શકે ? હું તમને એ જ જણાવું છું કે ગાયત્રીનો પ્રાણ શું હોઈ શકે ? ગાયત્રીના પ્રાણ વિશે હું તમને સવારે ધ્યાન કરાવું છું કે તમારી ઉપર ગાયત્રીની અનુકંપાની વર્ષા થઈ રહી છે. અનુકંપામાં ત્રણ વસ્તુઓ જણાવું છું- આ જ ત્રિપદા છે. તેમાં એકનું નામ છે- શ્રદ્ધા, એકનું નામ છે-પ્રજ્ઞા અને એકનું નામ છે- નિષ્ઠા. આ ગાયત્રીના ત્રણ પ્રાણ છે. જેવી રીતે ત્રિવેણીની ત્રણ ધારાઓ હોય છે અને ત્રણેય ધારાઓ મળવાથી ત્રિવેણી સંગમ રચાય છે, પ્રયાગરાજ બની જાય છે. જેના વિશે આપણે એવું કહીએ છીએ- **"કાક હોહિં પિક બકહું મરાલા"** એટલે કે જે બગલો હોય છે તે હંસ બની જાય છે અને જે કાગડો હોય છે તે કોયલ બની જાય છે. ખરેખર બની જાય છે ? હા બેટા, બની જાય છે. કેવી રીતે ? આ સંસારમાં તો આવું બની જ ન શકે. કાગડો કાગડો જ રહે છે અને કોયલ કોયલ જ રહે છે. બગલો બગલો જ રહે છે અને હંસ હંસ જ રહે છે, પરંતુ જ્યારે આ ત્રણ ધારાઓનો સમન્વય થઈ જાય છે ત્યારે તેના ચેતના સ્વરૂપનો કાયાકલ્પ થઈ જાય છે. શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા- આ ત્રણે ગાયત્રી મંત્રની ધારાઓ છે. ત્રણે ધારાઓમાંથી તમારા અંતઃકરણમાં જેનો પ્રવેશ થતો જશે તેટલા પ્રમાણમાં તમે તેનો લાભ ઉઠાવી શકશો. બેટા, આ સંસારમાં આપણાં ત્રણ શરીર છે- એક સ્થૂળ શરીર, બીજું સૂક્ષ્મ શરીર અને ત્રીજું કારણ શરીર. સ્થૂળ શરીરમાં નિષ્ઠા, સૂક્ષ્મ શરીરમાં પ્રજ્ઞા અને કારણ શરીરમાં

શ્રદ્ધા. જ્યારે આ ત્રણેનો સમન્વય થઈ જશે ત્યારે તમારી ગાયત્રી માતા ચમત્કાર બતાવશે. બીજ એકલું પૂરતું નથી. તેની સાથે જમીન અને ખાતરપાણી પણ જરૂરી છે. જો ખાતરપાણી નહિ હોય, જમીન નહિ હોય, તો એકલું બીજ પૂરતું નથી. ગાયત્રી મંત્ર એ બીજ છે. તેના માટે પણ આવી જ બે વસ્તુઓની જરૂર હોય છે. જેમ બીજ માટે ખાતરપાણી અને જમીનની જરૂર હોય છે, એવી જ રીતે શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા- આ ત્રણે ભાવનાત્મક વસ્તુઓ ભેગી થશે તો જ કામ બનશે.

અધ્યાત્મ વ્યક્તિની ચેતના સાથે સંબંધિત છે. પદાર્થના વિજ્ઞાનનું નામ છે- ફિજિક્સ. પદાર્થોનો પણ એક લાભ હોય છે. આપણું આ શરીર એક પદાર્થ છે, મેટર છે. ભૌતિક શરીરના પ્રયાસોથી જે ચીજો મળશે તે ભૌતિક જ હશે. આપણે પરિશ્રમ કરીએ છીએ અને તેના બદલામાં પૈસા લઈને આવીએ છીએ. આપણે વ્યાયામ કરીએ છીએ, તો તેના બદલામાં આપણા 'મસલ્સ' મજબૂત બની જાય છે. ફિજિક્સ આપણને ફિજિકલ બાબતો શીખવે છે. મેટર હંમેશાં મટિરિયલનો લાભ આપે છે. આધ્યાત્મિક લાભ મેળવવા માટે આપણા પ્રયોગો હંમેશાં આધ્યાત્મિક હોવા જોઈએ. ચિંતનને પરિષ્કૃત કરવા માટે આપણે ઉપાસનાની વિદ્યા ઉપયોગમાં લેવી જોઈએ, જે આપણી ચેતનાને પ્રભાવિત કરે છે, જે આપણી ભાવનાઓને પ્રભાવિત કરે છે, જે આપણી માન્યતાઓને પ્રભાવિત કરે છે, જે આપણી આસ્થાઓને પ્રભાવિત કરે છે. આસ્થાઓને પ્રભાવિત કરનાર કોઈ વસ્તુ તમારી પાસે નહિ હોય તો તમારી ગાડી ધક્કા મારવાથી જ ચાલશે. ગાયત્રી મંત્ર એક વેઠની જેમ જપતા જશો અને તેનાથી એવું માની લેશો કે આનાથી જ સિદ્ધિઓ મળી જશે. સિદ્ધિઓ આત્મામાંથી આવે છે, શરીરમાંથી નહિ. આથી વ્યક્તિ આત્માને પ્રભાવિત કરે, ચેતનાને પ્રભાવિત કરે, આપણી ભાવનાઓને પ્રભાવિત કરે તેવી ઉપાસના જીવનમાં અપનાવે તો

હું તમને ખાતરી આપું છું કે જીવનમાં ચમત્કાર થશે, સિદ્ધિઓ મળશે. મારી તમામ ઉપાસના આ જ આધાર પર ચાલી છે અને સફળ થતી રહી છે. હવે હું તમને એક સિદ્ધાંત જણાવું છું કે કર્મકાંડની સાથે સાથે ભાવનાત્મક પક્ષ જોડાયેલો હોવો પણ જરૂરી છે. ભાવનાત્મક પક્ષ વિશે જો તમે એવું ધારતા હો કે તેની કોઈ જરૂર નથી. અમે તો એમ જ પૂજાપાઠ કરી લઈશું, આમ કરી લઈશું, તેમ કરી લઈશું, તો તમારે નિરાશ થવું પડશે. વસ્તુઓ તમારા ઉદ્દેશ્યને પૂરો નહિ કરી શકે. વીસા યંત્ર પણ તમારા કોઈ કામમાં નહિ આવે. શું વીસા યંત્ર પણ ચમત્કારી હોય છે ? હા, ખૂબ જ ચમત્કારી હોય છે. તાંબાના પતરામાંથી તે બનાવી લો, લોકો ખૂબ જ પૈસા આપશે. ખોટી વાત છે બેટા, કોઈ કશું નહિ આપે. કેમ ? આ બાબતની મને ખબર છે. એકવાર એક માણસ મને દક્ષિણાવર્તી શંખ આપી ગયો હતો. તે કાયમ પૂજાસ્થાનમાં મૂકેલો રહેતો હતો. અલ્વર રાજ્યના એક જાગીરદાર અવારનવાર મારે ત્યાં આવતા હતા. તે એવું કહેતા હતા કે ગુરુજી ! તમારી પાસે દક્ષિણાવર્તી શંખ છે ? હા, છે તો ખરો. મેં સાંભળ્યું છે કે લક્ષ્મી આવે છે તો દક્ષિણાવર્તી શંખમાંથી આવે છે. આવતી હશે બેટા, મને તો એવી કંઈ ખબર નથી. તમારે ત્યાં આ ગાયત્રી તપોભૂમિ બની ગઈ અને તમે આટલાં મોટાં કામો કરી રહ્યા છો તેથી જરૂર લક્ષ્મી આમાંથી જ આવતી હશે. કદાચ આવતી હશે, ખબર નહિ ક્યાંથી આવતી હશે. મેં તો આવતાં જોઈ નથી, પણ કદાચ એમાંથી આવતી હશે. ગુરુજી તમને એક પ્રાર્થના છે કે મારા માટે પણ આવો એક શંખ મંગાવી આપો. સારું મંગાવી દઈશ. મેં તો કોઈની પાસેથી લઈ લીધો નથી, મને પણ કોઈક આપી ગયું હતું ત્યારનો તે અહીં મૂકી રાખ્યો છે. તેઓ જ્યારે પણ આવતા ત્યારે એવું કહેતા કે મને પણ આવો શંખ મંગાવી આપો. સારું મંગાવી આપીશ. ફરી એક દિવસ આવ્યા અને કહ્યું કે ગુરુજી ! તમે દક્ષિણાવર્તી શંખ ન મંગાવી

આપ્યો. બેટા, તું આ જ લઈ જા ! આમાં જ લક્ષ્મી રહે છે ને ? લક્ષ્મી રહેતી જ હશે તો તારા ઘરે વધારે સારી રીતે રહેશે. મારે તો ભાડાનું મકાન છે, મહિને પંદર રૂપિયાનું, એમાં જ મારું ગુજરાન ચલાવી લઉં છું. લક્ષ્મીજીને રહેવા માટે આમાં પૂરતી જગ્યા નથી. તેમાં ફ્લશવાળું જાજરૂ નથી. લક્ષ્મીજીને સૂવા માટે સારો ઓરડો નથી. લક્ષ્મીજી તારા ઘરે ખૂબ સારી રીતે રહી શકશે. લક્ષ્મીજી આવશે તો તારા ઘરે જ રહેશે અને જરૂર પડશે તો હું ત્યાંથી બોલાવી લઈશ. તું આને તારા ઘરે જ લઈ જા. ના ના મહારાજ ! મેં કહ્યું કે ના, તું લઈ જા ! ના, મારો કહેવાનો મતલબ એવો થોડો હતો કે તમે મને આ આપી જ દો ! ના, હું તારો કહેવાનો મતલબ સમજું છું. હું તને આપી રહ્યો છું, તું તે લઈ જા. જા તને આપ્યો. છેવટે તે શંખ લઈ ગયો. તેના માથે બે લાખ રૂપિયાનું દેવું હતું. તે આ શંખને લઈને ફરતો રહ્યો અને કહેતો કે મારી ઉપર બે લાખ રૂપિયાનું દેવું છે, તે ચૂકવી દેશે. એક વર્ષ પછી પાછો આવ્યો. મેં પૂછ્યું કે કેમ ભાઈ, શું વાત છે ? લક્ષ્મીજીએ તો અત્યાર સુધી તારું દેવું ચૂકવી દીધું હશે ? આ તમારો દક્ષિણાવર્તી શંખ પાછો લઈ લો, મહારાજજી ! દેવું જરા પણ ઓછું થયું નથી, એમનું એમ જ છે, ઊલટાનું વધી ગયું. ત્યારે મેં કહ્યું કે શંખે કોઈ ફાયદો ન કરાવ્યો ? ના, કોઈ ફાયદો ન થયો.

મિત્રો ! તમે એમ સમજતા હશો કે વસ્તુઓના માધ્યમથી બધાં કામો સિદ્ધ થાય છે. તમે સાવ સરળ માધ્યમો શોધો છો અને સરળ કામ કરવા માગો છો. આ સૌથી મોટી મૂર્ખતા છે. એવી જ રીતે મારી પાસે એક અસલી રુદ્રાક્ષની માળા હતી, જે કોઈક આપી ગયું હતું. તે પણ મેં ખરીદી નહોતી. એક સજ્જન આવ્યા અને બોલ્યા- મહારાજ ! મેં સાંભળ્યું છે કે ઈન્દિરા ગાંધીને નેપાળમાં કોઈએ એક રુદ્રાક્ષ આપ્યો હતો તે પહેરવાથી જ તેઓ પ્રધાનમંત્રી બની ગયાં છે. થઈ ગયાં હશે બેટા ! હું કશું કહી ન શકું. ના મહારાજ, અસલ

રુદ્રાક્ષથી ચમત્કાર થાય છે. થતો હશે બેટા, હું ક્યાં એવું કહું છું કે નહિ થતો હોય ! ગુરુજી, જો કોઈ અસલ રુદ્રાક્ષ ક્યાંકથી મળી જાય તો શું બધા જ દેવતાઓ પકડમાં આવી જશે ? અસલ રુદ્રાક્ષની માળાથી જે જપ કરશે તે શું માલામાલ થઈ જશે ? શું તમારી પાસે પણ અસલ રુદ્રાક્ષની માળા છે ? બેટા, લોકો તો એવું કહે છે કે આ અસલ રુદ્રાક્ષની માળા છે. મને તો તેની કોઈ પરખ આવડતી નથી, પરંતુ કદાચ આ અસલી રુદ્રાક્ષની જ હશે, જેનો હું ઉપયોગ કરું છું. તો શું તમને એટલે જ સિદ્ધિઓ મળી ગઈ છે ? કદાચ એવું હોઈ શકે! મહારાજજી ! મારી પણ એક પ્રાર્થના છે કે મારા માટે પણ એક રુદ્રાક્ષની માળા ક્યાંકથી મંગાવી આપો. બેટા, જો મળતી હશે તો ક્યાંકથી મંગાવી દઈશ. તેની દુકાન ક્યાં છે તે તો મને ખબર નથી. મેં હરિદ્વારમાં જોયું છે કે એ જ રુદ્રાક્ષના અગિયાર રૂપિયા પણ વસૂલ કરે છે અને તેના જ ત્રણ સો રૂપિયા પણ વસૂલ કરે છે. કોઈ મૂરખ માણસ આવી જાય તો ત્રણ સો રૂપિયા પણ પડાવી લે છે અને કોઈ સીધોસાદો આવી જાય તો અગિયાર રૂપિયામાં પણ આપી દે છે. અત્યારે અશ્લીલતાનો દોર ચાલી રહ્યો છે. ભાઈસાહેબ, કાપડ જોઈ લો. સારો માલ છે, લઈ જાઓ. એવી જ રીતે માળા સારી લાગે તો લઈ જાઓ. અગિયાર રૂપિયાની છે, લાવો અગિયાર રૂપિયા. ભાઈસાહેબ, આ રુદ્રાક્ષ અસલી છે ? હા, કહું છું ને ? બેટા, હું તમને એમ કહું છું કે વસ્તુઓના માધ્યમથી, કર્મકાંડના માધ્યમથી તમે જો લાંબાંપહોળાં સ્વપ્નો સેવતા હો તો હું ઈચ્છું છું કે તમે આજે જાગી જાઓ. જો તમે લાંબાંપહોળાં સ્વપ્નો એવા ખ્યાલથી જોયાં હોય કે કર્મકાંડના માધ્યમથી, ક્રિયાઓના માધ્યમથી, વસ્તુઓના માધ્યમથી અને વસ્તુઓની હેરાફેરીના માધ્યમથી, ચંદનની માળાથી, રુદ્રાક્ષની માળાથી તમારી મનોકામનાઓ પૂરી થઈ જશે, તો મારી તમને વિનંતી છે કે તમે આવી માન્યતા આજથી છોડી દો. મારા જીવનનો લાંબા સમયનો,

૭૦ વર્ષનો અનુભવ એવો છે કે જેમણે કર્મકાંડને જ સર્વસ્વ માન્યું છે તેઓ નિષ્ફળ ગયા છે, તેમની પાસે કંઈ જ નથી. જેઓ કર્મકાંડનું મહત્ત્વ સમજે છે અને કર્મકાંડ શીખવે છે, કર્મકાંડથી જ લક્ષ્મી મળવાની વાત કરે છે તે બધા ખાલી હાથ જ રહ્યા છે. આ બધું તેમનું જૂઠાણું છે, તેમાંથી એક પણ માણસ સાચો નથી. જેઓ આવું કહે છે કે આટલા જપ કરી લો, અમુક કર્મકાંડ કરી લો, તમને આટલો ફાયદો થશે, બેટા એમાંના કોઈને ફાયદો થયો નથી. હું તમને સોગંદ ખાઈને કહી શકું છું કે આ બધી નરી બનાવટ છે. વસ્તુઓના માધ્યમથી, અક્ષરોના ઉચ્ચારણથી, ક્રિયાઓના માધ્યમથી તમે લાભ નહિ ઉઠાવી શકો. તેની સાથે સાથે પ્રાણનું, ભાવનાનું હોવું પણ જરૂરી છે, મારા દીર્ઘજીવનનો આ અનુભવ છે, સાર છે.

સાથીઓ ! પ્રાણ કે ભાવના કેવી હોવી જોઈએ ? તે કેવા સ્વરૂપમાં હોવી જોઈએ ? પ્રાણની એક ધારા છે, ત્રિપદાની એક ધારા છે- શ્રદ્ધા. શ્રદ્ધા કોને કહે છે ? શ્રદ્ધા કહે છે - શ્રેષ્ઠતા પ્રત્યે અપાર પ્રેમને. શ્રદ્ધાનો એક અર્થ હું તમને જણાવવા માગું છું. શ્રદ્ધાનો અર્થ કોઈ વ્યક્તિ પ્રત્યેની શ્રદ્ધા એવો નથી. ગુરુ નામની વ્યક્તિ કેટલી ચાલાક અને બનાવટી હોય છે ! બધા એવું કહે છે કે મને ગુરુ બનાવી લો, મારામાં શ્રદ્ધા મૂકો, મારું કહેવું માનો. સારું, તો અમે દેવીદેવતાઓ પ્રત્યે શ્રદ્ધા રાખીશું. ભલે, દેવીદેવતાઓ પ્રત્યે શ્રદ્ધા ધરાવો, પરંતુ તમને એક વાત કહું છું. દેવીદેવતાઓ પર શ્રદ્ધા રાખતા પહેલાં એક વાત જાણી લો કે કોઈ પણ દેવતા કે ભગવાન એ વ્યક્તિ નથી, શક્તિ છે. હું શું કહી રહ્યો છું, તે તેઓ જાણી રહ્યા છે. તે વ્યક્તિ નથી, શક્તિ છે. વ્યક્તિથી શું મતલબ છે ? દેવીદેવતાને આપણે વ્યક્તિ બનાવી દીધાં છે અને વ્યક્તિ સમજીને શ્રદ્ધા પણ રાખી છે. વ્યક્તિઓ સાથે જેવો વ્યવહાર કરીએ છીએ એવી જ શ્રદ્ધા એમના પ્રત્યે પણ ધરાવીએ છીએ. દાખલા

તરીકે આપણે હનુમાનજીને ઘરમાં રાખ્યા છે. આમ, હનુમાનજી એક વ્યક્તિ બની ગયા. હવે શ્રદ્ધા કેવી રીતે વ્યક્ત કરીશું? મીઠાઈ ખવડાવીશું, કપડાં પહેરાવીશું, આમ કરીશું, તેમ કરીશું, વ્યક્તિ સાથે જેવો વ્યવહાર કરવામાં આવે છે તેવો જ લોકો ભગવાન સાથે પણ કરે છે. ભગવાનને વ્યક્તિ માને છે. ભગવાન વ્યક્તિ નથી એ ધ્યાન રાખો. ભગવાન એક શક્તિ છે. વ્યક્તિએ ભગવાનને બનાવી દીધા છે પોતાની પૂજા-ઉપાસના માટે, ધ્યાન કરવા માટે, કારણ કે આપણું મન પણ એવું છે કે જ્યાં સુધી વ્યક્તિનો ચહેરો ન જુએ ત્યાં સુધી ધ્યાન લાગતું નથી. તો આ ધ્યાન કરીએ છીએ એ ભગવાન શું છે ? બેટા, દુનિયામાં બે ભગવાન છે. એક ભગવાન તો એ કે જેણે માણસોને પેદા કર્યા છે અને બીજા ભગવાન એ જેને માણસે પેદા કર્યા છે. માણસોએ ભગવાનને પેદા કર્યા છે ? હા, માણસોએ ભગવાનને બનાવ્યા છે. એક ભગવાન એવો છે જે માણસોએ બનાવેલો છે, માણસોનો ઘડેલો છે. માણસનો દીકરો છે આ ભગવાન ! કયો ભગવાન ? જેને ચહેરો છે. ચહેરાવાળા ભગવાન બધા માણસોએ બનાવેલા છે. ભગવાનનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. હવાનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. વીજળીનો કોઈ ચહેરો હોઈ શકે નહિ, પ્રેમનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. ક્રોધનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. જીવાત્માનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. જેટલી પણ વ્યાપક ચીજવસ્તુઓ છે તેમનો કોઈ ચહેરો હોઈ શકે નહિ. વીજળી ચમકે તો છે, પરંતુ તેનો કોઈ ચહેરો નથી. વીજળી ચમકતી નથી, તેની ફિલામેન્ટ ચમકે છે. વીજળી એક પ્રકારની ગરમીનું નામ છે, એક ઊર્જાનું નામ છે, જે સર્વત્ર ફેલાયેલી છે. એવી જ રીતે ભગવાન પણ એક એવી શક્તિનું નામ છે જે સર્વત્ર ફેલાયેલી છે.

તો પછી આ ચહેરા ? બેટા, આ ચહેરાઓ તો આપણે ધ્યાન માટે બનાવ્યા છે. આપણે આપણા ધ્યાનને એકાગ્ર કરવા માટે

જાતજાતના ચહેરા ઘડી કાઢ્યા છે. એવા કોઈ મહાદેવ નથી કે જે બળદ ઉપર સવારી કરતા ફરી રહ્યા હોય. નથી તો આ ક્યાંથી આવી ગયા ? દુનિયામાં હજારો જાતના ભગવાન છે અને હજારો જાતની કલ્પનાઓ કરવામાં આવી છે, મૂર્તિઓ બનાવવામાં આવી છે અને એ બધી માણસોએ બનાવેલી છે. ભગવાનની કોઈ મૂર્તિ બની ન શકે. ઘણીવાર હું જયપુર જાઉં છું ત્યારે જાતજાતના ભગવાન જોવા મળે છે. અરે આ શું બનાવો છો ? અરે રઝબમિયાં, આ શું બનાવો છો ? અરે સાહેબ, આ મહિને તો હનુમાનજી બનાવી રહ્યો છું. બેટા, આ બધા માણસોએ બનાવેલા ભગવાન છે. માણસોએ બનાવેલા ભગવાનનો ઉપયોગ માત્ર એટલો જ છે કે આપણું ધ્યાન અસ્તવ્યસ્ત થયા કરે છે તે સ્થિર થઈ શકે. આટલી બધી જાતના ભગવાન ન હોઈ શકે. આખી દુનિયામાં એક જ ભગવાન છે. સૂર્યનો આખી દુનિયામાં એક જ ચહેરો છે, દુનિયાભરમાં ગમે ત્યાં જાઓ. એક જ સૂર્ય જોવા મળશે. અને ભગવાન ? જો અસલી ભગવાન હશે અને જો તેને ચહેરો હશે તો આખી દુનિયામાં એકસરખો જ હશે. જાતજાતના ચહેરા ન હોઈ શકે. તમારા ભગવાન લાંબા નાકવાળા છે અને મારા ભગવાન લાંબા પૂંછડાવાળા. તમારા ભગવાનને ચાર હાથ છે અને મારા ભગવાનને છ હાથ. તમારા ભગવાન મુસલમાનના કરીમ જેવા છે અને મારા ભગવાન હનુમાન જેવા. શું આવું હોઈ શકે ખરું ? બેટા, આવું હોઈ જ ન શકે. તો પછી આ દેવીદેવતા શું છે ? ધ્યાન લગાવવા માટેનાં રમકડાં છે. દેવીદેવતામાં ભગવાન હોતા નથી. દેવીદેવતા ચમત્કાર બતાવે છે ? ના, કોઈ ચમત્કાર બતાવતા નથી. તો પછી કોણ ચમત્કાર બતાવે છે ? જેને આપણે અસલી ભગવાન કહીએ છીએ તે બતાવે છે. અસલી ભગવાન શું છે ? અસલી ભગવાન એક ચેતના છે, જે સમગ્ર વિશ્વબ્રહ્માંડમાં વ્યાપેલી છે. તેની જ એક નાનકડી ચિનગારી તમારી અને મારી અંદર બેઠેલી

છે, જેને આપણે જીવ કહીએ છીએ અને જે સમગ્ર વિશ્વમાં વ્યાપેલો છે, જેને આપણે બ્રહ્મ કહીએ છીએ. બ્રહ્મ વિરાટ અને જીવ લઘુ, આ બંનેનું એકબીજા સાથે જ્યારે મિલન થાય છે ત્યારે કેવું લાગે છે ? ત્યારે બેટા, ચમત્કાર થાય છે. હું તમને ઉદાહરણ આપીને સમજાવું છું. વીજળીના બે તાર જ્યારે એકબીજા સાથે જોડાય છે ત્યારે શું થાય છે ? તેમાં સ્પાર્કિંગ થાય છે અને કરંટ પેદા થાય છે. જીવ અને ભગવાન જ્યારે મળે છે ત્યારે શું થાય છે ? એક પ્રકારનો સ્પાર્ક થાય છે અને કરંટ પેદા થાય છે. તેમાંથી શું નીકળે છે ? આદર્શ અને સિદ્ધાંત નીકળે છે. જ્યારે પણ ભગવાન મળશે ત્યારે મનુષ્યની અંદરથી જ મળશે. તેની અંદર એક એવું કંપન, એક એવો ઉત્સાહ, એક ઉમંગ પેદા થશે, જેનું નામ છે- આદર્શ. વ્યક્તિની અંદરથી આદર્શ પેદા થાય તો સમજવાનું કે તેની અંદર ભગવાન આવી ગયા.

ભગવાનના રૂપને ત્રણ રીતે બતાવવામાં આવ્યું છે. લોકો જ્યારે મને ભગવાન વિશે પૂછે છે કે તે કેવો હોય છે ત્યારે હું ક્યારેક તાવનું નામ લઉં છું. તાવ કેવો હોય છે ? તેનાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે, પરસેવો વળી જાય છે અને વ્યક્તિ ધ્રૂજે છે. એવી જ રીતે ભગવાન જ્યારે આવે છે ત્યારે માણસ સામાન્ય રહેતો નથી, અસામાન્ય બની જાય છે. સામાન્ય માણસ મોહનો ગુલામ, લોભનો ગુલામ બની જાય છે. તેની આખી જિંદગી બે જ કામોમાં ખર્ચાઈ જાય છે. પૈસાનો લોભ અને વ્યક્તિનો મોહ.

મોટા ભાગના લોકો લોભ અને મોહ માટે કીડીમંકોડા તથા માખીમચ્છર જેવું પામર જીવન જીવે છે, પરંતુ જીવનમાં જ્યારે ભગવાન આવે છે ત્યારે તમને તાવ આવે છે. જ્યારે તાવ આવે છે ત્યારે કંઈક જુદી જ વસ્તુઓ દેખાય છે. દિમાગમાં કંઈક જુદું જ દેખાય છે. મન કંઈક જુદી જ રીતે કૂદવા લાગે છે. ભગવાન બાબતે

લોકો મને પૂછે છે કે કેવો અનુભવ થાય છે તમને ? ભગવાન જ્યારે મારી પાસે આવે છે ત્યારે મને એવું લાગે છે કે જાણે નશો ચઢયો હોય ! નશો કેવો હોય છે ? બેટા, નશો દારૂ જેવો હોય છે. દારૂ પીધા પછી માણસનું દિમાગ પણ કંઈક જુદા પ્રકારનું જ બની જાય છે. શું વાત છે, ગુરુજી ? વાત તો કંઈ નથી બેટા, ભગવાનમાં એક મસ્તી હોય છે, એક નશો હોય છે. રસ્તાના કિનારે એક દારૂડિયો પડ્યો હતો. હાથી પર સવાર થઈને એક રાજાસાહેબ આવી રહ્યા હતા. પેલો દારૂડિયો બૂમો પાડી રહ્યો હતો કે એ પાડાવાળા ! પાડો વેચવો છે ? પાડો એટલે ખબર છે ? યુ.પી. અને એમ.પી.માં ભેંસના બચ્ચાને પાડું કહે છે. પેલો દારૂડિયો હાથી પર સવાર થયેલા રાજાને કહી રહ્યો હતો કે એ પાડાવાળા, આ પાડો તારે વેચવો હોય તો મને આપી દે. રાજા આ સાંભળી વિચારમાં પડ્યો કે વાત શું છે ? આ તો કોઈ ઋષિ લાગે છે. ખબર નહિ શું વાત છે ? પેલા દારૂડિયાને સૈનિકોએ પકડી લીધો અને જેલમાં પૂરી દીધો. ત્યાં સુધી તેનો નશો દૂર થઈ ગયો હતો. બીજા દિવસે તેને રાજાસાહેબ સામે રજૂ કરવામાં આવ્યો. રાજાએ પૂછયું, "ભાઈ, શું વાત છે ? આ પાડાની શું વાત કહેતો હતો ?" સૈનિકોને પૂછયું કે આ શું કહેતો હતો ? હજૂર ! તમારા હાથીને આ પાડો કહેતો હતો. પાડો એટલે ભેંસનું બચ્ચું. તમને કહેતો હતો કે આ પાડો વેચવાનો છે કે શું ? તે કાલે ખરીદવા માગતો હતો. કેમ ભાઈ ! તુ આ હાથી ખરીદવા માગતો હતો ? ખરીદી લે, મારે શું ? મારી પાસે તો આ જૂનો હાથી છે. હું આને વેચીને નવો ખરીદી લઈશ. તે જોરથી બૂમો પાડવા લાગ્યો કે હજૂર ! આને તમે જ રાખી લો, જે કાલે નશાની હાલતમાં સોદાગર બનીને હાથી ખરીદી રહ્યો હતો એ તો ચાલ્યો ગયો. બેટા, ભગવાન એક નશાનું નામ છે, જે માણસની અંદર પેદા થાય છે અને એ જ્યારે આવે છે ત્યારે માણસનું ચિંતન, ચરિત્ર, તેની કામનાઓ, ઈચ્છાઓ, ઉમંગો, આદતો બધું જ બદલાઈ જાય છે.

અત્યારના જેવી વિચિત્ર જાતની, હલકટ માણસ જેવી છે તેવી રહેતી નથી. ભગવાન જો તમારી અંદર આવ્યો હોત તો સૌથી પહેલાં તમારી હલકટ વૃત્તિઓ દૂર થઈ જાત. તમારા લોભ ઉપર કાતર ફરી ગઈ હોત. તમારો મોહ ઓછો થઈ ગયો હોત. તમારી ક્ષુદ્રતા છીનવી લેત અને તમારી અંદર મહાનતાના અંકુર ફૂટ્યા હોત. જ્યારે પણ કોઈની અંદર ભગવાન આવે છે ત્યારે આવી રીતે જ આવે છે.

ભગવાન સૌથી પહેલાં શેનાથી આવે છે ? શ્રદ્ધાથી. શ્રદ્ધાથી ભગવાન આવે છે. શ્રદ્ધા જ્યારે આવે છે ત્યારે શું થાય છે, ગુરુજી ? શ્રદ્ધા જ્યારે આવે છે ત્યારે બેટા, વ્યક્તિને આદર્શો પ્રત્યે અપાર પ્રેમ પેદા થઈ જાય છે. શ્રદ્ધાનો અર્થ છે-"શ્રેષ્ઠતા પ્રત્યે અપાર પ્રેમ". શ્રેષ્ઠતા એટલે આદર્શ. આદર્શો પ્રત્યે અપાર પ્રેમ. બીજા કોઈ સાથે તેની સરખામણી કેવી રીતે થઈ શકે ? બેટા, હું તમને ગુરુ ગોવિંદસિંહની જેમ કહું છું કે સિદ્ધાંત જીવિત રહેવો જોઈએ, ભલે તમારે નુકસાન સહન કરવું પડે. ઈબ્રાહિમની જેમ આપણે નુકસાન ઉઠાવવું પડે તો ઉઠાવવું પડે, પરંતુ સિદ્ધાંતો પર અટલ રહીશું. વિનોબા ભાવેની માતાની જેમ તમારા ત્રણેય દીકરા સંન્યાસી બનતા હોય તો ભલે બને, તમારો વંશ ડૂબતો હોય તો ભલે ડૂબે, મારે શું ? પરંતુ તેનું મન પ્રસન્ન થાય છે. માણસની અંદર જે શ્રેષ્ઠતા છે, તેનું જ નામ શ્રદ્ધા છે. આ બધા ગુરુ લોકો અક્કલથી જીવતી રાખી રહ્યા છે એનું નામ શ્રદ્ધા નથી. જેને ખાઈને દેવીદેવતાઓ જીવી રહ્યા છે તેનું નામ શ્રદ્ધા નથી. જેને લોકો અંધશ્રદ્ધા કહે છે એનું નામ શ્રદ્ધા નથી. તમારો બાપ મારા બાપનો ગુરુ હતો, તેથી તમે પણ મારા ગુરુ બની જાઓ. અરે, શું ગુરુ બની જાઓ, ભાંગ તો નથી પીધી ને ? ના સાહેબ, વંશપરંપરા પ્રમાણે તો તમે જ મારા ગુરુ છો. બેટા, આ અંધશ્રદ્ધા છે. અંધશ્રદ્ધા પાછળ વિવેક હોતો નથી. વિચાર હોતો નથી, માત્ર રિવાજ હોય

છે, પરંપરા હોય છે. આ શ્રદ્ધા નથી, અંધશ્રદ્ધા છે. આપણને અંધશ્રદ્ધા જોઈતી નથી. અનાજ ઘણું ઉપયોગી હોય છે, પરંતુ અનાજ જ્યારે સડી જાય છે ત્યારે ખૂબ જ નુકસાનકારક બની જાય છે. સડેલા અનાજનું નામ જ મળ છે. મળ શું છે ? છ કલાક પહેલાંનું અનાજ છે. છ કલાક પહેલાં થાળીમાં જે ભોજન પીરસ્યું હતું તે ખૂબ સારું હતું, પરંતુ પેટમાં પહોંચ્યા પછી તે સડી ગયું અને સડ્યા પછી જ તે મળ બની ગયું. શ્રદ્ધા એટલે શ્રેષ્ઠતમ્, ભગવાનને પકડવા માટેની અસીમ શક્તિ અને અંધશ્રદ્ધા એટલે મળ, સડો, દુર્ગંધ. આજે ચારે બાજુ અંધશ્રદ્ધા જ ફેલાયેલી જોવા મળે છે. અંધશ્રદ્ધાનું લોકો દોહન કરી રહ્યા છે, શોષણ કરી રહ્યા છે. બિચારા સીધાસાદા લોકોની હજામત બનાવી રહ્યા છે. અંધશ્રદ્ધા આજે માત્ર એક છેતરપિંડી બની ગઈ છે અને ભોળા લોકોને શિકાર બનાવવાના કામમાં આવી રહી છે. શ્રદ્ધા સાવ જુદી છે. જો તમારી પાસે શ્રદ્ધા હોય તો હું તમને કહું છું કે ભગવાન તમારી પાસે આવશે.

શ્રદ્ધા કોને કહે છે ? આદર્શો પ્રત્યે અપાર પ્રેમને. દુનિયામાં જેટલા પણ મહાપુરુષો થયા છે તેઓ એક જ આધારે મહાન બન્યા છે. તેમની અંદર શ્રદ્ધાનો સમાવેશ થયો છે. તમે મહાપુરુષો વિશે ઈતિહાસમાં જે કંઈ વાંચો છો તેમાં એક ઉલ્લેખ જરૂર મળે છે કે તેમણે સિદ્ધાંતોને પ્રેમ કર્યો, આદર્શોને પ્રેમ કર્યો, મુસીબતો વેઠી, ઘરના લોકોનું કહેવું ન માન્યું, પોતાની નબળાઈઓ સામે લડ્યા અને શ્રેષ્ઠ માર્ગ પર ચાલતાં ચાલતાં જેવી રીતે પર્વતારોહકો એવરેસ્ટ શિખર પર પહોંચી જાય છે તેવી રીતે અધ્યાત્મના શિખર સુધી પહોંચી ગયા. શ્રદ્ધા વ્યક્તિને ઊંચે ઉઠાવે છે. સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠાવાન બનાવે છે. શું કરવું જોઈએ તે અંગે ક્ષણવારમાં નિર્ણય લઈ લે છે, આ કરું કે ના કરું- એવો પ્રશ્ન જ પેદા થતો નથી. જો તમારી પાસે શ્રદ્ધા હોય તો તમારો અંતરાત્મા

એવું કહેશે  કે આપણે શ્રેષ્ઠ કામ કરવાં જોઈએ, આદર્શ કામ કરવાં જોઈએ. દુનિયા શું કહે છે ? અરે, એ તો પાગલોની દુનિયા છે, મૂર્ખાઓની દુનિયા છે. મારો પાડોશી ના પાડે છે. તારો પાડોશી તો મહામૂર્ખ છે. મારાં ઘરવાળાં ના કહે છે. ઘરવાળાંને જહન્નમમાં નાખી દે. શ્રદ્ધા જુદી વસ્તુ છે. શ્રદ્ધા એટલે શ્રેષ્ઠતા પ્રત્યે અસીમ પ્રેમ. દુનિયાના ઈતિહાસમાં આજ સુધી જેટલા મહાપુરુષો થયા છે, ભગવાનના ભક્તો થયા છે તેઓ એક જ આધાર લઈને ચાલ્યા છે, જેનું નામ છે શ્રદ્ધા. શ્રદ્ધાની શક્તિ તમે એ બધા લોકોમાં જોઈ શકશો, જેઓ શરીરની દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ, વિદ્યાની દૃષ્ટિએ, દરેક રીતે દુર્બળ હતા, છતાં પણ શ્રદ્ધાના આધારે ઊંચામાં ઊંચા સ્થાને જઈ પહોંચ્યા. કબીરદાસજી એમાંના જ એક હતા, જેઓ સાધનોની દૃષ્ટિએ, વિદ્યાની દૃષ્ટિએ, વંશની દૃષ્ટિએ, આજીવિકાની દૃષ્ટિએ, દરેક રીતે દુર્બળ હતા, છતાં શ્રદ્ધાની દૃષ્ટિએ ઊંચા હતા. શ્રદ્ધા માટે, આદર્શો માટે તેમને અપાર પ્રેમ હતો.

શ્રદ્ધા એ માત્ર માન્યતાના ક્ષેત્ર સુધી સીમિત ન રહી શકે, તે ક્રિયા રૂપમાં પરિણમે છે. માણસ માત્ર વિચાર સુધી જ મર્યાદિત રહી ન શકે કે કેવી રીતે કરીશું, ઘરડા થઈશું ત્યારે આમ કરીશું, બીજા જન્મમાં આવું કરીશું, પરંતુ તે સાચા અર્થમાં કંઈક કરે પણ છે. શ્રદ્ધા કંઈક શ્રેષ્ઠ કામ કરવા માટે માણસને બેચેન કરે છે, લાચાર બનાવે છે. શ્રદ્ધા એક શક્તિ છે. શ્રદ્ધા એ કલ્પના નથી, હૃદયની પીડા છે, શ્રદ્ધા એ જીવાત્માની આવશ્યકતા છે અને જ્યારે ઉદય પામે છે ત્યારે માણસ પાસે કંઈક કરાવીને જ જંપે છે, કશુંક કરાવ્યા વગર છોડી શકતી નથી. જો તમારી અંદર શ્રદ્ધા હશે તો શું થશે? બેટા, જ્યારે સમર્થ ગુરુ રામદાસની શ્રદ્ધા જાગી તો લગ્ન કરવાને બદલે તેઓ જ્યાં મહાનતા તેમનું વરણ કરવા તૈયાર હતી ત્યાં ચાલ્યા ગયા. શંકરાચાર્યની શ્રદ્ધા જાગી તો તેઓ મહાન કાર્યો કરવા

લાગી ગયા. ભગવાન બુદ્ધની શ્રદ્ધા જાગી તો તેમણે પોતાના માટે રસ્તો નક્કી કરી લીધો કે આગળ શું કરવું જોઈએ. શ્રદ્ધાની શક્તિ ઘણી મોટી છે. મહાપુરુષોથી લઈને ઋષિઓ સુધી અને ભગવાનના જેટલા ભક્તો થયા છે તે દરેકની અંદર આપણે જોઈએ છીએ કે જો તેઓ સફળ થયા હોય કે સફળ ન થયા હોય તો તેનું એક જ કારણ છે કે તેમનામાં શ્રદ્ધાનો કેટલો અંશ હતો જે લોકો કર્મકાંડ કરતા હતા, પૂજા કરતા હતા, ઉપાસના કરતા હતા, ભજન પણ કરતા હતા, જપ પણ કરતા હતા, પરંતુ શ્રદ્ધાના અભાવના કારણે જીવનમાં શ્રેષ્ઠતાનો સમાવેશ ન થઈ શક્યો અને છેવટે ગઈગુજરી સ્થિતિમાં પડ્યા રહ્યા. ભક્તિ થતી રહી, ભજન થતાં રહ્યાં, પરંતુ નીચતા અને આળસ એમને એમ રહ્યા. બંને પોતપોતાની જગ્યાએ જળવાઈ રહ્યાં. ન તો નિકૃષ્ટતાએ પાછી પાની કરી કે ન તો ભક્તિએ ચમત્કાર દેખાડ્યો. ભક્તિ આવશે તો આપણી આળસ ચાલી જશે. આળસ રહેશે તો ભક્તિ નહિ આવે. એક મ્યાનમાં બે તલવારો રહી ન શકે.

શ્રદ્ધાનો અર્થ છે - શ્રેષ્ઠતા પ્રત્યે અપાર પ્રેમ. મારા ગુરુના કહ્યા પ્રમાણે મેં ભગવાનમાં શ્રદ્ધા મૂકી. મને શ્રદ્ધા શીખવવામાં આવી હતી. પહેલાં મેં મારા ગુરુ દ્વારા શ્રદ્ધા વિકસિત કરી હતી, ધાબું ભર્યું હતું. ધાબું ક્યારે ભરવામાં આવે છે ? આપણું મકાન બને છે ત્યારે ધાબા માટે પહેલાં લાકડાંના ટેકાથી માળખું બનાવવામાં આવે છે અને ત્યાર પછી તેની ઉપર ધાબું ભરવામાં આવે છે. પહેલાં મેં ભગવાનને જોયા નહોતા, એટલે વિચાર્યું કે કેવી રીતે કરીશ ? શું કરીશ ? ભગવાન ક્યાંથી લાવીશ? ભગવાન ક્યાં મળે ? એટલા માટે જેના પ્રત્યે, જેના વિશે મેં માની લીધું કે મારા જીવનમાં આ શ્રેષ્ઠ વ્યક્તિ છે, જેના વિશે મને કોઈ શંકા રહી નથી, જેના વિશે મેં પૂરતી ખાતરી કરી લીધી છે, તેમના પ્રત્યે મને પૂર્ણ શ્રદ્ધા બેસી ગઈ છે. શરૂઆતમાં મેં મારા ગુરુ ઉપર શ્રદ્ધા મૂકી અને પછી તે શ્રદ્ધા

વિકસિત થતાં થતાં ભગવાન સુધી પહોંચી ગઈ. ભગવાન સુધી શ્રદ્ધા વિકસિત થવાનો અર્થ છે- આદર્શો પ્રત્યે અસીમ પ્રેમ. આદર્શ મારી નસેનસમાં છે, આદર્શ મારા મનમાં છે, આદર્શ મારા ચિંતનમાં છે, આદર્શ મારી કલ્પનામાં છે. આદર્શ પ્રત્યે મને એટલી બધી ગાઢ નિષ્ઠા છે કે કોઈ મારા ટુકડે ટુકડા કરી નાખે તો પણ મને મંજૂર છે, પરંતુ હું શ્રેષ્ઠતાથી વિમુખ ન થઈ શકું. આ જ એ શ્રદ્ધા છે, જેણે મને ચમત્કાર બતાવ્યો. આનાથી ઓછામાં કોઈને ચમત્કાર થયો નથી કે ન તો ભવિષ્યમાં પણ થઈ શકશે.

બેટા, શ્રદ્ધાના ચમત્કારોનાં અનેક સ્વરૂપો હું બતાવી શકું છું. શ્રદ્ધાનો ખરાબ ચમત્કાર ભૂતના રૂપમાં હોય છે. ભૂત શું હોય છે ? કશું જ નથી. ભૂતના ડરથી માણસ બીમાર પડી જાય છે. ભૂતના ભયથી માણસ જીવ ખોઈ બેસે છે ? બેટા, આ તો માણસની ધારણા છે. ઝાડીમાં ભૂત રહે છે, સ્મશાનમાં ભૂત રહે છે એવા માત્ર ડરથી જ તાવ આવી જાય છે. રાત્રે સ્વપ્નમાં ભૂત આવ્યું હોય તો તેના ડરથી જ તમે બીમાર પડી જશો, એટલું જ નહિ, ભૂત તો તમારો જીવ પણ લઈ લેશે. હજારો માણસો ભૂતની બીમારીથી મરે છે એ હું જાણું છું. શું મહારાજજી, ભૂત પણ મારી શકે છે ? હા, મારી શકે છે. ભૂત કેવાં હોય છે ? ભૂત માટે તમે આખી દુનિયામાં ચાલ્યા જાઓ અને તપાસ કરીને આવો કે ભૂત કેવાં હોય છે ? જર્મનીમાં જઈને તપાસ કરો કે કેમ ભાઈસાહેબ ! તમારે ત્યાં ભૂત આવે છે કે નહિ, અને આવે છે તો ભૂત કેવું હોય છે ? શું તાવને ભૂત કહે છે કે શું ? ના, ભૂત એવું નથી હોતું. ભૂત જુદું જ હોય છે. કેવું હોય છે ? એક મરેલું પ્રાણી આવે છે અને ઊંધુંછતું કરતું રહે છે. ભાઈસાહેબ, અમારા જર્મનીમાં તો આજ સુધી એવું કોઈ આવ્યું નથી. જાપાનમાં ચાલ્યા જાઓ અને પૂછો કે સાહેબ, તમે ક્યારેય ભૂત જોયું છે ? તો તે પણ કહેશે કે અમારે ત્યાં કદી આવ્યું નથી. તમે અમેરિકામાં ચાલ્યા જાઓ અને તપાસ કરો કે

શું તમે ભૂત જોયું છે ? તો તેઓ પણ કહેશે કે અમે પણ નથી જોયું. તો પછી હિંદુસ્તાનમાં ક્યાંથી આવી ગયું? ખબર નહિ ગુરુજી કે ભૂત ક્યાંથી આવે છે ?

ભૂત આખી દુનિયામાં ક્યાંય જોવા મળતું નથી. તાવ આખી દુનિયામાં હોય છે, ઉધરસ આખી દુનિયામાં હોય છે, ઊલટી આખી દુનિયામાં હોય છે, તો પછી ભૂત માત્ર હિંદુસ્તાનમાં જ કેમ રહે છે ? હિંદુસ્તાનમાં પણ તે ભણેલાગણેલા લોકોમાં રહેતું નથી, માત્ર અભણ લોકોમાં જ રહે છે, ભાવુક લોકોમાં જ રહે છે. ભલે તેઓ ભણેલાગણેલા હોય કે અભણ હોય. ભણેલાગણેલા પણ ભાવુક હોય છે. અભણ લોકો કરતાં તો તેઓ વધારે મૂર્ખ હોય છે. ના સાહેબ, ભણેલાગણેલાને ભૂતનો ભય શું કામ સતાવે ? ભણવું એ જુદી વાત છે અને આ જુદી વાત છે. અભણ મૂર્ખ અને ભણેલાગણેલા મૂર્ખમાં કોઈ ફરક હોતો નથી, બંને એક જ જાતના મૂર્ખ હોય છે. ભૂત ક્યાંથી આવે છે ? બેટા, ભૂત આપણા દિમાગમાંથી નીકળે છે. **"શંકા ડાકણ મનસા ભૂત."** મનસા ભૂત આપણા મનમાંથી જ પેદા થાય છે અને ડાકણ એ શંકાની જ દેન છે. શંકાશીલ લોકો કહે છે કે તેણે મારા બાળકને નજર લગાડી દીધી છે. છીનવી લો તેની જિંદગી. પ્રદર્શનોમાં બાળકોને મોકલવામાં આવે છે, તેમને તોલવામાં આવે છે, વજન કરવામાં આવે છે, ઈનામો મળે છે, છાપાઓમાં ફોટા છપાય છે, પરંતુ તેમને કોઈની નજર લાગતી નથી અને આ તારા કુંવરને જ નજર લાગી ગઈ ? ખોળામાં લઈને બેઠી બેઠી આખો દિવસ નાક લૂછ્યા કરે છે અને કહે છે કે અમુકે નજર લગાવી દીધી ? સાવ મૂરખ છે !

મિત્રો ! માનવીનું અજ્ઞાન એટલું બધું વધી ગયું છે કે માણસ માટે ખૂબ જ નુકસાનકારક નીવડી શકે છે. હમણાં થોડા દિવસ પહેલાં ફ્રાન્સમાં એક માણસને ફાંસીની સજા ફરમાવવામાં આવી. વૈજ્ઞાનિકોએ સરકાર પાસે તે ફાંસીની સજા ફરમાવેલ માણસની

માગણી કરી કે તે અમને આપો, જેથી અમે અમારી રીતે તેને ફાંસી આપી શકીએ. સારું, લઈ જાઓ. વૈજ્ઞાનિકોએ તે વ્યક્તિને કહ્યું કે ભાઈસાહેબ, તમને કોઈ તકલીફ નહિ પડે. ફાંસીમાં તો તમને ઈલેક્ટ્રિક ખુરશીમાં બેસાડવામાં આવત અને પછી સળગાવવામાં આવત. તમને આવી રીતે જીવતા સળગાવવામાં આવશે તો ખૂબ જ પીડા થશે. તો શું તમે મને એવું મોત આપશો, જેમાં કોઈ કષ્ટ ન થાય ? કેવી રીતે આપશો તે મને કહો. તમારા હાથની એક નસ અમે કાપી નાખીશું અને કાપતી વખતે પણ કંઈ ખબર નહિ પડવા દઈએ કે તમારી નસ કપાઈ છે કે નહિ. બસ, તમારા હાથમાં થોડોક કાપો કરી દઈશું જેનાથી તમારા શરીરમાંનું લોહી નીકળતું રહેશે અને બે કલાકની અંદર જેવી રીતે ઘેનની ગોળીઓ ખાવાથી નશો આવી જાય છે એવી રીતે તમે ધીરેધીરે મૃત્યુ પામશો, કંઈ ખબર પણ નહિ પડે. આપી દો સાહેબ, આવી ફાંસી તો ઘણી સારી. તેને પાટ પર સુવડાવી દેવામાં આવ્યો. તેની આંખો બંધ કરી દેવામાં આવી. ડૉકટરોની ટુકડી ત્યાં ગઈ. હાથ પર ખાલીખાલી સોંય ભોંકવામાં આવી અને તેને કહ્યું કે જુઓ અમે તમારો હાથ બેભાન કરી દીધો છે, જેથી તમને ખબર નહિ પડે કે તમારી નસ કાપવામાં આવી છે. સામાન્ય સોય ખોસવામાં આવી હતી. ત્યાર પછી ઉપરથી પાણીની એક પાતળી નળી ત્યાં લગાવી દેવામાં આવી, જેથી તેમાંથી પાણી ટપટપ કરતું નીચે પડે. જુઓ, હવે તમારી નસ અમે કાપી નાખી છે, હવે તમારું લોહી નીકળી રહ્યું છે. જુઓ, કેટલું બધું લોહી નીકળી ગયું, લગભગ અડધો શેર લોહી નીકળી ગયું. હવે કેટલું નીકળ્યું ? હવે શેર જેટલું નીકળી ગયું. હૃદયની ગતિ કેટલી છે ? ઓછી થઈ ગઈ છે. નાડીની ગતિ ધીમી પડી ગઈ, બ્લડપ્રેસર ઘટી ગયું. ડૉકટરોની ટુકડી ખાલીખાલી કહેતી રહી અને તે દર્દી એવું માનતો રહ્યો કે મારું આટલું લોહી નીકળી ગયું, મારું આટલું ટેમ્પરેચર ઘટી ગયું, મારા હૃદયના ધબકારા આટલા ઘટી ગયા

અને એક ક્ષણ એવી આવી ગઈ કે તેના જ કારણે તે માણસ મરી ગયો. માણસનો વિશ્વાસ માણસને મારી શકે છે. માણસનો વિશ્વાસ માણસના હૃદયની ગતિ ઓછી કરી શકે છે. યોગીઓ ઘણા દિવસો સુધી સમાધિમાં પડી રહેતા હતા, હૃદયના ધબકારા બંધ કરી દેતા હતા. સંકલ્પની શક્તિથી કઈ વસ્તુ નથી થઈ શકતી ? આ જ છે શ્રદ્ધાની શક્તિ, જે માણસના અંતઃકરણમાં રહે છે. સંકલ્પ- શક્તિનો વિકાસ પણ તેનાથી જ થાય છે. શ્રદ્ધાથી માણસ પોતાને મારી પણ શકે છે અને શ્રદ્ધાથી માણસ પોતાની શક્તિને વધારી પણ શકે છે. ખરેખર, શ્રદ્ધા ખૂબ ચમત્કારી શક્તિ છે.

અધ્યાત્મમાં જે કંઈ સફળતા મળે છે તેના મૂળમાં એક સિદ્ધાંત કામ કરે છે, શ્રદ્ધાનો સિદ્ધાંત કામ કરે છે. કેવી રીતે ? બેટા, શ્રદ્ધાનો સિદ્ધાંત એવો છે કે જેવી રીતે એક પંડિતજી હતા. પંડિતજી કાયમ ગંગાકિનારે જતા હતા. ગંગાકિનારે પંડિતજી પાસે કેટલાક લોકો આવતા અને પૂછતા હતા કે અમારે ગંગાજીની પેલી પાર જવું છે, પરંતુ ગંગાના પાણીનો પ્રવાહ ખૂબ જ તેજ છે. અમારે પાર જવું જરૂરી છે, પરંતુ કોઈ નાવ નથી. પંડિતજીએ કહ્યું કે મારી પાસે એક એવો મંત્ર છે કે તેનો જપ કરતાં કરતાં તમે ચાલ્યા જાઓ, તમે અવશ્ય પાર થઈ જશો. અને જો ડૂબી ગયા તો ? તો બીજા લોકોને કહેતા જાઓ કે જ્યાં સુધી તમે પાર ન ઊતરી જાઓ ત્યાં સુધી તેઓ અહીં રહે અને મારા હાથપગ બાંધી દે. જો તમે ડૂબી જાઓ તો મને પણ નદીમાં ડુબાડી દેજો. મારો આ મંત્ર ખરેખર ચમત્કારી છે. કાનમાં કહ્યું કે કોઈને કહીશ નહિ, બસ, આ મંત્ર જપતો ચાલ્યો જા અને પાર નીકળી જા. મંત્ર કયો હતો ? રામનામનો મંત્ર હતો, જેને જપતાં જપતાં તે પાર નીકળી ગયો. એક મૌલવી સાહેબ ત્યાં રહેતા હતા. મૌલવી સાહેબને તેમના મુસલમાનોએ કહ્યું કે જુઓ ! હિંદુઓ પાસે તો એવો ચમત્કારી મંત્ર છે કે તેને જપવાથી નદી પાર કરી

શકાય છે. તમે તો મુસલમાન છો. તમારી પાસે આવો કોઈ મંત્ર નથી ? અરે હોય, મારી પાસે તો હિંદુઓ કરતાં પણ મોટો મંત્ર છે. હું અને તમે તેનો જપ કરતાં કરતાં પાર નીકળી શકીએ છીએ. અને અમે ડૂબી ગયા તો ? તો તમે મને પણ ડુબાડી દેજો. સારું, એવો પણ મંત્ર છે ? હા, તેનું નામ છે ખુદા. અને તેઓ ખુદાખુદા કરતા નદી પાર નીકળી ગયા, પરંતુ એક તમારા જેવો બીજો માણસ હતો. તેણે કહ્યું કે રામ તથા ખુદા બંનેને ભેગા કરી દો. બંનેને ઓગાળીને મિશ્રણ બનાવી દીધું. મિશ્રણ બનાવવાથી શું થશે ? રામનું નામ જપવાથી અડધા કલાકમાં અને ખુદાનું નામ લેવાથી અડધા કલાકમાં નદી પાર કરાય છે. જો બંનેને ભેગા કરીશું તો પંદર મિનિટમાં પાર થઈ જવાશે. એટલે તેણે રામ-ખુદા, રામ-ખુદા, રામ-ખુદા એવા જપ કરવાનું શરૂ કર્યું અને નદીની અધવચ્ચે જઈને ડૂબી ગયો.

ગોસ્વામી તુલસીદાસજી જ્યારે વૃંદાવન ગયા ત્યારે તેમણે હાથ જોડીને ભગવાન કૃષ્ણને કહ્યું, "તમે ભગવાન નથી એવું તો હું નથી કહેતો. તમે ભગવાનનું રૂપ છો, પરંતુ મારી શ્રદ્ધા રામના રૂપમાં છે. જો તમે તમારો ચહેરો રામ જેવો બનાવી લો તો કેવું સારું ? **"તુલસી મસ્તક તબ ઝૂકે જબ ધનુષ્યબાણ લો હાથ ॥"** જો તમારા હાથમાં ધનુષ્ય-બાણ હશે તો મારું મસ્તક આપોઆપ ઝૂકી જશે. અત્યારે તો મારે ઝુકાવવું પડે છે, પણ ત્યારે તો આપમેળે જ ઝૂકી જશે." તમે ક્યારેક મથુરા જાઓ તો ત્યાં ત્રણસો વર્ષ જૂનું એક મંદિર છે, જેની પર 'રામ મંદિર' લખેલું છે. વાસ્તવમાં તે કૃષ્ણ મંદિર છે. તે મંદિરમાં કૃષ્ણની મૂર્તિ ખરેખર રામના રૂપમાં પરિવર્તિત થઈ ગઈ હતી અને ગોસ્વામીજીએ મસ્તક ઝુકાવી દીધું હતું. શ્રદ્ધાનો ભાવ લઈને ચાલીએ તો આપણા માટે કેટલું લાભદાયી નીવડે છે. આ બાબતમાં એક ઘટના છે. કોની ઘટના છે ? એક ચેલો હતો, તેને ક્યાંકથી કોઈ દવા મળી ગઈ. તે સૌને કહેતો હતો કે આ દવા

કોઈ પણ બીમારીને મટાડી દે છે. લોકો આવતા અને તે કહેતો કે તમારી બીમારી હું મટાડી દઈશ. તમે એક વાડકી પાણી લાવો. તેમાં હું એક ટીપું દવા નાખી દઈશ. પછી પી જાઓ અને જુઓ હમણાં સારું થઈ જાય છે કે નહિ ? લોકો એક વાડકી પાણી લઈ આવતા અને તેમાં તે એક ટીપું દવા નાખી દેતો, લોકો પીતા અને સાજા થઈ જતા. હજારો માણસો સાજા થઈ ગયા. ચારેબાજુ તેની કીર્તિ ફેલાઈ ગઈ. ઠેકઠેકાણેથી હજારો લોકો દવા પીવા માટે, સારા થવા માટે આવતા. એક દિવસ તેના ગુરુજીએ પણ આ વાત સાંભળી કે મારા ચેલાને કોઈ ચમત્કારી દવા મળી ગઈ છે, જેનાથી હજારો લોકો સાજા થઈ ગયા છે. ગુરુજીને પણ કોઈક બીમારી હતી, ક્યારેક હરસમસાની ફરિયાદ રહેતી, તો ક્યારેક વાની તકલીફ રહેતી, તો ક્યારેક શરદી થઈ જતી. તેઓ પણ ચેલા પાસે પહોંચ્યા અને કહ્યું કે બેટા, તારી પાસે ખૂબ શક્તિ હોય એમ લાગે છે. હા ગુરુજી ! મારી પાસે એક એવી દવા છે, જેનાથી હજારો દર્દીઓને ફાયદો થયો છે. તો મારો પણ ઈલાજ કરી દે ! હા મહારાજ ! તમને પણ જરૂર ફાયદો કરી દઈશ ! પાણી લાવવામાં આવ્યું. એક ટીપું દવા નાખી, ગુરુજીએ પીધી અને હરસમસા બંધ, વા બંધ, બધી જ બીમારીઓ મટી ગઈ. બેટા, તારી દવામાં શું ચમત્કાર છે ? મહારાજ, તમારાં ચરણોની દયા છે. એવી ચમત્કારી દવા હાથ આવી છે કે હું સૌને સાજા કરી શકું છું. ગુરુજી સાજા થઈને ચાલ્યા તો ગયા, પણ તેમના મનમાં વિચાર આવ્યો કે આ દવા મારા હાથમાં આવી જાય તેવું કંઈક કરવું જોઈએ, તો હું પણ લોકોને સાજા કરીશ અને મારું પણ ખૂબ મોટું નામ થઈ જશે. મને પણ દાનદક્ષિણા મળવા લાગશે. મારો પણ યશ ફેલાશે. ચેલો તો મારો જ છે, હું જઈને પૂછીશ તો જરૂર મને જણાવશે. તેઓ ફરી ચેલા પાસે ગયા. ચેલો બોલ્યો કે મહારાજ, તમને કોઈ તકલીફ બાકી રહી ગઈ કે શું ? ના બેટા,

તકલીફો તો ત્યારે જ દૂર થઈ ગઈ હતી, પણ એક ઈચ્છા છે. તે તું પૂરી કરી દે તો સારું. મહારાજ ! કહો, શું તમારી ઈચ્છા પૂરી કરવાને હું લાયક છું ? હા બેટા, તું આ જે દવા વહેંચે છે તે શું વસ્તુ છે ? બસ, મને એટલું જણાવી દે કે પછી તેનો નુસ્ખો લખાવી દે કે પછી તારી પાસેથી મને આપી દે. આ દવા હું લોકોને આપીશ, તો મારું પણ નામ થશે અને મને યશ મળશે, મારી આવક વધી જશે. મહારાજજી! હું તમને અવશ્ય જણાવીશ, શું કામ નહિ જણાવું ? તો જણાવ, શું છે તેમાં ? મહારાજજી, આમાં તો તમારાં ચરણોનું જળ છે. હું જ્યારે વર્ષમાં એકવાર તમારી પાસે આવું છું ત્યારે તમારાં ચરણ પખાળીને જળ લઈ જાઉં છું. બસ, તેને જ એક બાટલીમાં ભરી રાખું છું અને તેમાંથી જ બધાને એકએક ટીપું નાખી આપું છું. તેનાથી જ સૌ સાજા થઈ જાય છે. સાચું કહે છે કે ખોટું ? અરે સાવ સાચું કહું છું, ભગવાનને સાક્ષી માનીને કહું છું, આમાં તમારાં ચરણોની રજ સિવાય બીજું કંઈ જ નથી. "સારું" કહીને ગુરુજી ચાલ્યા ગયા.

પોતાના આશ્રમમાં જઈને તેમણે બધા મહોલ્લાવાળા લોકોને બોલાવ્યા, દૂર દૂરથી લોકોને બોલાવ્યા અને કહ્યું કે આવો ભાઈ, મને એક ચમત્કારી દવા મળી ગઈ છે. જે કોઈ બીમાર હશે તેને હું સાજો કરી દઈશ. ઘણા બધા લોકો આવી ગયા. પોતાનાં ચરણો તેમણે બહાર કાઢ્યાં અને ખૂબ સારી રીતે ધોયાં અને તેનું એકેએક ટીપું વાસણમાં ભરી લીધું. એક ટીપાથી શું ફાયદો થાય, આખી વાડકી જ ભરી લો ચરણરજની. એક વાડકી તમે લો, એક વાડકી તમે લો- ચરણ ધોયેલું બધું જ પાણી લોકોને પિવડાવ્યું, પણ કોઈ સાજું ન થયું. સારું કાલે ફરી આવજો. કાલે તમે સાજા થઈ જશો. ફરી બીજા દિવસે એકએક વાડકી પિવડાવી. લો, પીઓ, હજુ વધારે પીઓ, પરંતુ તેમ છતાં એક પણ વ્યક્તિને સારું ન થયું.

તેઓ ફરી ચેલા પાસે ગયા અને બોલ્યા કે મારી દવાથી તો એક પણ માણસને સારું ન થયું, તારી દવાથી તો બધાને સારું થઈ જાય છે. મહારાજજી ! તમારી દવામાં અને મારી દવામાં એક ફરક છે. તમારી દવામાં શ્રદ્ધાનો અભાવ છે અને મારી દવામાં શ્રદ્ધા ભળેલી છે. ગંગાના પાણીમાં જ્યારે આપણે શ્રદ્ધા જોડી દઈએ છીએ તો તે ગંગાજળ બની જાય છે. શ્રદ્ધાનો પ્રભાવ કાઢી લઈએ તો તે નળનું પાણી બની જાય છે. આ ગંગાજળ નળનું પાણી છે. ગંગાજળ શું છે ? પાણી છે. ના મહારાજ, આ તો ગંગાજળ છે. ના, પાણી છે. ના ગંગાજળ છે, તેને મરેલી વ્યક્તિ ઉપર છાંટી દો, તેનો ઉદ્ધાર થઈ જશે. શાનાથી ઉદ્ધાર થઈ જશે ? બેટા, શ્રદ્ધાથી. શ્રદ્ધા એક શક્તિ છે. શ્રદ્ધા આધ્યાત્મિક જીવનમાં સૌથી મોટી શક્તિ છે. જો તમારી અંદર શ્રદ્ધાનો અભાવ હશે, તો કર્મકાંડોથી કોઈ ફાયદો થશે નહિ.

સને ૧૯૬૦ની એક ઘટના છે. અમેરિકામાં ટૉમસ નામનો એક પાદરી રહેતો હતો. તે સૌને કહેતો હતો કે ભગવાનનું નામ લો. શ્રદ્ધાથી ભગવાનનું નામ લેશો તો તમારું કલ્યાણ થઈ જશે. કોઈએ તેની વાત સાંભળી નહિ. નમાજ તો સૌ અદા કરી દેતા હતા, પ્રેયર પણ સૌ કરતા હતા, પરંતુ કોઈને શ્રદ્ધા નહોતી. પાદરીએ દૂર દૂરથી માણસોને બોલાવ્યા. તેમને કહ્યું કે તમે શ્રદ્ધાની શક્તિને નથી માનતા ? ના અમને તો ખબર જ નથી કે શ્રદ્ધા શું છે ? તેણે કહ્યું કે સારું, જુઓ હું તમને શ્રદ્ધાની શક્તિનો ચમત્કાર બતાવું છું. તેણે એક દોરડું લીધું. અમેરિકામાં એક સૌથી મોટો 'નિયગ્રા ફોલ્સ' નામનો ધોધ છે, જેમાં ઉપરથી ખૂબ જ ભયંકર અવાજ સાથે પાણી પડે છે. ખૂબ જ અવાજ થાય છે. તેની ઊંડાઈ પણ ખૂબ છે. ખૂબ જ ભયંકર પ્રવાહ છે. દુનિયામાં આટલો મોટો ધોધ બીજે ક્યાંય નથી જેટલો નિયગ્રા ફોલ્સ છે, તેના એક કિનારે એક ઝાડ હતું. તેની ઉપર એક દોરડું બાંધ્યું અને નાવમાં બેસીને

બીજા કિનારે ચાલ્યો ગયો. તેણે તે દોરડું બીજા ઝાડ સાથે બાંધી દીધું. ધોધની ઉપર બંને બાજુ ઝાડ સાથે દોરડું બાંધી દીધું અને લોકોને કહ્યું કે જુઓ, હું જાદુગર તો નથી ને ? ના, તમે જાદુગર નથી. હું સર્કસમાં તો કામ કરતો નથી ને ? ના, તમે સર્કસમાં કામ કરતા નથી. હું કોઈ નટ તો નથી ને ? ના, તમે નટ પણ નથી. તમે તો પાદરી છો. અમે જ્યારથી જન્મ્યા છીએ ત્યારથી તમને આ જ જગ્યાએ કામ કરતા જોતા આવ્યા છીએ. સારું, હવે જુઓ, હું તમને શ્રદ્ધાનો ચમત્કાર બતાવું છું. શ્રદ્ધાની મદદથી પાદરી ટૉમસ દોરડા પર ચઢી ગયો અને તેની પર એક એક ડગલું મૂકતાં મૂકતાં ચાર ફર્લાંગ અંતર પૂરું કરીને પેલી પાર પહોંચી ગયો. લોકોને કહ્યું કે શ્રદ્ધાનો ચમત્કાર જોઈ લીધો ? હા સાહેબ, શ્રદ્ધામાં ખૂબ જ શક્તિ હોય છે. શ્રદ્ધાનું ઘણું મહત્ત્વ છે. આ વાતો સાંભળી ટૉમસે કેટલાક લોકોને કહ્યું, " જો તમે શ્રદ્ધાની શક્તિને માનતા હો તો હું જયાંથી આવ્યો છું ત્યાં ફરી દોરડા પર ચઢીને પેલી પાર જઈશ. તમારામાંથી એક માણસ મારી સાથે આવે અને મારા ખભા પર બેસી જાય, તેને લઈને હું પેલી પાર પહોંચી જઈશ." એક પણ માણસ તૈયાર ન થયો. ટૉમસ ચૂપચાપ બેસી રહ્યો હતો. તેણે પોતાના અગિયાર વર્ષના છોકરાને કહ્યું કે બેટા, તને મારી ઉપર વિશ્વાસ છે ? હા. હું તને ડુબાડીશ તો નહિ ને ? ના, તમે મને કેવી રીતે ડુબાડી શકો છો ? તમે તો મારા પિતા છો. તો પછી મારા ખભા પર બેસી જા. હું તને સંભાળીને ચાલીશ અને તને પાર ઉતારી દઈશ. બાળક ખભા પર સવાર થઈ ગયો. તેને ખભા પર બેસાડીને ટૉમસ ફરીથી તે દોરડા પર ધીરેધીરે ચાલવા લાગ્યો અને ચાર ફર્લાંગનો રસ્તો ફરીથી પાર કરી લીધો. લોકોને તેણે કહ્યું કે તમે જો ભગવાન પર વિશ્વાસ મૂક્યો હોત તો આ મારો છોકરો મારી સાથે ઊતરી ગયો તેમ તમે પણ પાર થઈ જાત.

બેટા, મારી જિંદગીમાં રમત પણ સામેલ છે, મોટાં મોટાં નુકસાન પણ સામેલ છે. મેં મારા બૉસ ઉપર, મારા માસ્ટર ઉપર, મારા મંત્ર ઉપર સાચા મનથી શ્રદ્ધા મૂકી છે. તેમણે મને કહ્યું કે મારા ખભા પર બેસો. હું તેમના ખભા પર બેસી ગયો. હું બચીશ કે નહિ તેવું વિચાર્યા વગર, પોતાના બાપના ખભા પર બેસીને, પોતાના માસ્ટરના ખભા પર બેસીને હું પાર થઈ ગયો. મારા મંત્રાનો ચમત્કાર, મારી શક્તિનો ચમત્કાર, મારી ઉપાસનાનો ચમત્કાર- બધાનો આધાર મારી શ્રદ્ધા જ છે. શ્રદ્ધાની શક્તિ જ ઉપાસનાનું બળ છે, જે હું તમને સમજાવી રહ્યો છું. હું તમને પૂછું છું કે તમે ગાયત્રી ઉપાસના કરી, પરંતુ શું તમે શ્રદ્ધાની શક્તિનો અનુભવ કર્યો છે ? જો તમે શ્રદ્ધાની શક્તિનો અનુભવ કર્યો હોય તો હું તમને ફરી એ પૂછું છું કે શું તમે સિદ્ધાંત અને માનવીય આદર્શો. ચાલવાની હિંમત એકઠી કરી છે ? હું પૂછું છું કે જો આદર્શ તમને એવું પૂછે કે તમે મારા ખભા પર સવાર થઈ જાઓ, તો શું તમે સિદ્ધાંતો અને આદર્શોના ખભા પર સવાર થવાનું જોખમ ઉઠાવવા તૈયાર છો ખરા ? જો તમે તૈયાર હો તો હું મારા ૭૦ વર્ષના અનુભવથી ખાતરીપૂર્વક તમને એ કહી શકું છું કે ગાયત્રી મંત્ર ખરેખર ચમત્કારી છે. ગાયત્રી મંત્ર સિદ્ધિદાયક છે. ગાયત્રી મંત્ર પારસ છે, ગાયત્રી મંત્ર અમૃત છે, ગાયત્રી મંત્ર કલ્પવૃક્ષ છે. તેની જે વિશેષતાઓ જણાવવામાં આવી છે તે સો એ સો ટકા સાચી છે. હું તમને પુસ્તકોના આધારે નહિ, મારા અંગત અનુભવના આધારે કહું છું કે બધા જ અનુભવો સાચા છે, પરંતુ શરત એક જ છે કે તેના માટે એક શબ્દનું પાલન કરવું પડે છે- તેનું નામ છે ‘શ્રદ્ધા’. શ્રદ્ધાનો અર્થ અંધશ્રદ્ધા નથી, કોઈ દેવીદેવતા કે ગુરુ પ્રત્યેની શ્રદ્ધા નથી, પરંતુ તેનો અર્થ છે- આદર્શો પ્રત્યે અસીમ પ્રેમ. જો તમે શ્રેષ્ઠતાને અસીમ પ્રેમ કરવા માટેની હિંમત કરી શકતા હો અને પોતાની ઉપાસનાની સાથે શ્રદ્ધાનો

સમન્વય કરી શકતા હો, તો હું તમને વિશ્વાસ આપું છું કે જે મંત્ર મારા પ્રથમ ગુરુ માલવિયાજીએ જણાવ્યો હતો અને જે મારા બીજા ગુરુએ જણાવ્યો હતો તે સાચો છે. એકે મને કર્મકાંડ શીખવ્યું હતું અને એકે મને ભાવનાઓનો સમન્વય શીખવ્યો હતો. બંનેના સમન્વયના આધારે હું મારાં કર્મકાંડોને સાચી રીતે કરતો ગયો અને તેમાં શ્રદ્ધાનાં તત્ત્વોનો સમાવેશ કરતો રહી પાર થતો ગયો. જે રસ્તે હું ચાલી રહ્યો છું તે રસ્તે તમે પણ મારી પાછળ પાછળ આવો અને આધ્યાત્મિકતાની શક્તિ જુઓ, જે દુનિયાની સૌથી મોટી શક્તિ છે. આધ્યાત્મિકતાનો લાભ દુનિયામાં સૌથી મોટો લાભ છે. તમે તે બધા જ લાભ મેળવી શકો છો કે નહિ તે જુઓ. બેટા, મેં આ બધા લાભો મેળવ્યા છે અને ન્યાલ થઈ ગયો છું. હું ઈચ્છું છું કે તમે પણ મારી જેમ આ લાભો મેળવો અને તમે પણ મારી જેમ ન્યાલ થઈ જાઓ. આ છે મારા અનુભવોનો નિષ્કર્ષ. આજની વાત સમાપ્ત. ॐ શાંતિ.

❋

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.